કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૯ જૂન, ૨૦૨૫ સોમવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ०१८ ◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલિક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ-૧૩ ◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# પેટાચૂંટણીનો જંગ : પાટીલના વિપક્ષ પર પ્રહાર

**જુનાગઢમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે ગજવી જનસભા : નામ લીધા વિના કેજરીવાલને લીધા આડેહાથ : ગત વિધાનસભામાં દિલ્હીવાળાની ડીપોઝીટ ઝપ્ત થઈ**

ગાંધીનગર: ગુજરાતની વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે જોરશોર થી ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. ત્યારે ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ બનેલી વિધાનસભા બેઠક જીતવા માટે હવે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ ખુદ મેદાનમાં ઉતર્યા છે અને વિસાવદર બેઠક જીતવા ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો છે.

પેટાચૂંટણીના પ્રચારનો આરંભ કરતા સી આર પાટીલે આજરોજ ભેંસાણમાં વિશાળ જનસભાને સંબોધન કર્યુ હતુ. આ તબક્કે તેઓએ કહ્યુ હતુ કે,દીલ્હીની જનતાએ કેજરીવાલને હરાવ્યા છે. આ ચૂંટણીમા વિસાવદરમાં ભાજપની જીત થશે. હર્ષદ રીબડીયા અને ભુપત ભાયાણી સતત મહેનત કરે છે. ઉમેદવાર

અનુસંધાન પાના નં.૪ પર

## મોદી હે તો મુમકીન હે : નડ્ડા

**મોદી સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થતા રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાએ પ્રેસ યોજી**



નવીદિલ્હી : કેન્દ્રમાં મોદી સરકાર ૩, ૧૧ વર્ષનો કાળ પૂર્ણ થવા પામ્યો છે. તેને ભાજપ દ્વારા દેશભરમાં સરકારે કરેલા કાર્યોની નોધ પહોચાડવાનો રોડમેપ તૈયાર કરાયો છે. જેના ભાગરૂપે જ દિલ્હીમાં રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ પ્રેસ યોજી અને ભારતમાં વિકાસનો અમૃતકાળ ચાલુ થઈ ગયો હોવાનો ઉદગાર કર્યો હતો.

આજ રોજ જે પી નડ્ડાએ પ્રેસ યોજી અને કહ્યુ હતુ કે, મોદી સરકાર એક અસરદાર સરકાર છે. દમદાર સરકાર છે. આ સરકાર મજબુત ફેસલા લેવા વાળી છે. આ સરકાર ગત ૧૧ વર્ષમાં પ્રમાણિકતાની

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાતમાં પેટાચૂંટણી જંગ અંતિમ તબક્કે : રાજકીય ઉહાપોહ

**ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ : આવતીકાલે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે**

ગાંધીનગર: રાજ્યમાં અંદાજે ૮ હજાર થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે આવતીકાલે ઉમેદવારી પત્રની ચકાસણી હાથ ધરવામાં આવશે અને ૧૧ મી એ ઉમેદવારી પત્ર પાછો ખેંચવાના અંતિમ દિવસ બાદ રાજ્યમાં કેટલી ગ્રામ પંચાયતો સમરસ બની અને કેટલી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની અંદાજે ૮,૦૦૦ થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓની જાહેરાત કરી હતી. ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે. આવતીકાલે ઉમેદવારી પત્ર ની ચકાસણી હાથ ધરવામાં આવશે અને ૧૧ મી એ ઉમેદવારી પત્ર પાછો ખેંચવાના છેલ્લો દિવસ છે. ૨૨મી જુનના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન યોજાશે અને ૨૫મી જુનના રોજ ગ્રામ પંચાયતોની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવશે. રાજ્યમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થયા બાદ કેટલાક જિલ્લાઓમાં કેટલીક ગ્રામ પંચાયતો સમરસ બની છે. જોકે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી ૮૦૦૦ ગ્રામ પંચાયતોની ચૂંટણી પૈકી કેટલી ગ્રામ પંચાયતો બિનહરીફ થઈ છે અને કેટલી ગ્રામ પંચાયતો માં ચૂંટણી યોજાશે તે અંગેનું ચિત્ર ૧૧મી જૂન બાદ સ્પષ્ટ થશે.

૧૧ મી જૂને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસ બાદ રાજ્યમાં યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર શરૂ કરી દેવામાં આવશે.

## ૧૯૯૮ની ૯મી જુને ત્રાટકેલા મહાવિનાશક વાવાઝોડાની તારાજીનો બોલતો ચિતાર



**૯મી જુન ૧૯૯૮. આજે અઢીદાયકથી વધુ સમય વીતી ગયો છે છતા પણ વાવાઝોડાની એ વિનાશક બીના આજે પણ પાસાણ માનવીના હદયને હચમચાવી જાય છે. કચ્છીમાડુઓની ખમીરી અને ખુમારી કંઈક ખલચાદી જ છે એટલે કુદરતી હોય કે કૃત્રિમ આફતો સાથે ફિનિક્ષ પક્ષીની જેમ કચ્છ સદાય બેઠુ થતુ રહ્યું છે. ઉપરોક્ત દ્રશ્યોમાં ભયાનક હોનારતે સર્જેલી ડરામણી તારાજી તાદ્રશ જોવા મળી રહી છે. તે વખતના પોર્ટનો ચેરમેનશ્રી, કેપ્ટન, કલેકટર શ્રી મુકેશ પુરી અને ડીએસપી કેશવકુમાર તથા જે પી ગુપ્તા રાત દિવસ એક કરી અને કંડલાને બેઠું કરવા અથાગ મહેનત કરી હતી. તેઓ સરકારી કારમાં જ રાત વિતાવતા હતા. તે વખતે સરકાર, સરકારીબાબુઓ, કંડલા-કચ્છની પ્રજાની ખુમારીના સહિયારા પ્રયાસોથી કંડલા આજે પુનઃ દેશ-વિદેશમાં પોતાની મજબુત ઓળખ સાથેનો ડંકો ગજવી રહ્યું છે.**



**ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ લંડનમાં યુકેના સંસદીય અંડર-સેક્રેટરી કેથરિન વેસ્ટ સાથે મુલાકાત કરીઃ રમતગમત, આરોગ્ય અને માળખાગત સુવિધાઓમાં દ્વિપક્ષીય સહયોગ મજબૂત કરવા વિસ્તૃત ચર્ચા કરી હતી. આ તબક્કે અશ્વીનીકુમાર, બંછાનીધી પાની સહિતનાઓ પણ સાથે જોડાયા હતા.**

## ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશ તરીકે નેરનહલ્લી શ્રીનિવાસન સંજય ગૌડાએ શપથગ્રહણ કર્યા

**ગુજરાત હાઇકોર્ટ ખાતે મુખ્ય ન્યાયાધીશ સુશ્રી જસ્ટિસ સુનિતા અગ્રવાલે ન્યાયાધીશ શ્રી નેરનહલ્લી શ્રીનિવાસન સંજય ગૌડાને શપથ લેવડાવ્યા : ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલોની ઉપસ્થિતિ**



અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટ ખાતે ન્યાયાધીશ શ્રી નેરનહલ્લી શ્રીનિવાસન સંજય ગૌડાનો શપથગ્રહણ સમારોહ યોજાયો હતો. ગુજરાત હાઈકોર્ટનાં મુખ્ય ન્યાયાધીશ સુશ્રી જસ્ટિસ સુનિતા અગ્રવાલે ન્યાયાધીશશ્રી નેરનહલ્લી

અનુસંધાન પાના નં.૪ પર

## બેંગ્લુરૂ દુર્ઘટના : પોલીસ વડાએ મને છેક બે કલાક પછી જાણ કરી હતી : સિધ્ધરમૈયા

બેંગ્લુરૂ : આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના વિજય બાદ યોજાયેલી પરેડમાં જે રીતે ધકકામૂકકી થઈ અને ૧૧થી વધુ લોકોના મૃત્યુ થયા તે બાદ હવે રાજ્ય સરકાર માટે બચાવ કરવો મુશ્કેલ બની ગયો છે અને મુખ્યમંત્રી સિધ્ધરમૈયાએ આ ઘટનામાં પોલીસ ઉપર દોષનો ટોપલો ઢોળવા પ્રયત્ન કરતા જ કોંગ્રેસમાં પણ જબરો વિરોધ થયો છે. મુખ્યમંત્રી સિધ્ધરમૈયાએ કહ્યું કે, મને પોલીસ તરફથી ખાતરી મળ્યા બાદ જ આ પરેડ માટે મંજૂરી અપાઈ હતી તેઓએ જણાવ્યું કે, પોલીસ કમિશ્નર પી.દયાનંદે સમગ્ર ઘટના બન્યા બાદ બે કલાક બાદ મને જાણ કરી હતી.એક તરફ ભાજપે આ મુદે કર્ણાટક સરકાર પર દબાણ વધારી દીધુ છે અને કોંગ્રેસ સરકારને

અનુસંધાન પાના નં.૪ પર

## મોદી સરકારના ૧૧ વર્ષ : વીક્રમ સાથે તાલ મિલાવવા ગુજરાત અગ્રેસર



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ગુજરાતની કરેલી ચિંતા અને શ્રેષ્ઠ યોજનાઓનો લાભ રાજયને માટે તે નિશ્ચિત કર્યુ છે : ગરીબ-યુવા-મહિલા અને ખેડુતોએ ગુજરાતના વિકાસમાં કેન્દ્રમાં; રોજગારી, મહિલાઓની સલામતી અને શ્રેષ્ઠ શિક્ષણ સહિતના ક્ષેત્રે સફળ રહ્યા છે**

નવી દીલ્હી : આયુષ્યમાન ભારત, જનધન યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, ગરીબ કલ્યાણ અન્ન યોજના સહિતના કેન્દ્રીય યોજનાના લાભ રાજયના લક્ષીત વર્ગ સુધી પહોંચે તે ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની સરકારે નિશ્ચિત કર્યુ છે૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતના લોકોએ નવી આશાઓ અને અપેક્ષાઓ સાથે શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભાજપ ને પ્રચંડ બહુમત સાથે સત્તાનું સુકાન સોંપ્યું હતું. ૨૬ મે, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદની શપથ લીધા પછી શ્રી નરેન્દ્ર મોદીજીએ સામાન્ય જનતાને કેન્દ્રમાં રાખીને યોજનાઓ તૈયાર કરી અને અમલમાં મૂકી.આજે સરકારની તમામ પ્રમુખ યોજનાઓ ગરીબોના જીવનમાં બદલાવ લાવી છે અને તેમના નેતૃત્વમાં ભારત આર્થિક અને સામાજિક વિકાસના ક્ષેત્રોમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. ૨૬ મે, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળના ૧૧ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યા છે. મોદી સરકારના આ સફળ ૧૧ વર્ષ સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણને સમર્પિત રહ્યા છે.ગુજરાત ભારતના ગ્રોથ એન્જિન તરીકે ઉદ્યોગ-વેપાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, શિક્ષણ અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં વિકાસની લાંબી છલાંગ લગાવી રહ્યું છે. ગુજરાત પોતાના સપૂત અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા આપવામાં આવેલા 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા માટે તત્પર છે.મને યાદ છે કે, જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે 'દેશના વિકાસ માટે ગુજરાતનો વિકાસ' નો મંત્ર આપ્યો હતો. પરિણામે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની જવાબદારી ખૂબ વધી જાય છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશાં ગામડાઓ, ગરીબો અને ખેડૂતોની ચિંતા કરી છે. હકીકતમાં, મોદીજીએ ગરીબીને જીવી છે, એટલે જ તેઓ ગરીબોના દુઃખ અને પીડાને વધુ સારી રીતે સમજે છે અને તેને દૂર કરવા માટે તેઓ એવી યોજનાઓ અમલમાં મૂકે છે જે ગરીબોને તેમની ગરીબીમાંથી બહાર કાઢવા માટે કારગર નીવડે. તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, મોદી સરકારના છેલ્લા ૧૦ વર્ષોના કાર્યકાળમાં દેશમાં ૨૫ કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

## મુંબઈની લોકલ ટ્રેનમાં મોટી દુર્ઘટના : પાંચના મોત : ૧૨થી વધુ ઘાયલ



મુંબઈ : મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન આજે મુંબઈકર્સ માટે જીવલેણ બની છે. સેન્ટ્રલ રેલવે માં થાણે પાસે લોકલ ટ્રેનમાં એક ભયાનક ઘટના બની છે. જ્યાં સવારે ૯ વાગ્યાની આસપાસ દિવા અને મુમ્બ્રા વચ્ચે પાંચ વ્યક્તિઓ લોકલ ટ્રેનમાંથી પડી ગયા. અહેવાલો દર્શાવે છે કે, આ ઘટનામાં ૩ મહિલાઓ અને ૨ પુરુષો પડી ગયા અને તેમના મોત થયા છે.

સોમવારે સવારે, મધ્ય રેલવે લાઈન પર એક મોટો અકસ્માત થયો જેમાં ઘણા મુસાફરો પાટા પર પડી ગયા અને મૃત્યુ પામ્યા. આ ઘટના આજે સવારે ૯.૩૦ વાગ્યે બની હતી. ટ્રેન કસારાથી છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો.પીડિતોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા કાલવા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ હૉસ્પિટલ પહોંચતા જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.કસારા જતી ટ્રેનના ગાર્ડ દ્વારા શરૂઆતની ચેતવણી આપવામાં આવી હતી. જોકે, મુસાફરો ખરેખર કઈ ટ્રેનમાંથી પડી ગયા તે હજુ સ્પષ્ટ નથી. અધિકારીઓ હાલમાં મૃતકોની ઓળખ કરવા માટે કામ કરી રહ્યા છે, જેમની ઉંમર ૩૦ થી ૩૫ વર્ષની વચ્ચે હોવાનું માનવામાં આવે છે. આ ઘટનામાં ૩ મહિલાઓ અને ૨ પુરુષો પડી ગયા અને તેમના મોત થયા છે. આ દુર્ઘટનામાં ૧૨ લોકો ઘાયલ થયાં હોવાનું કહેવાય છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ




બચત કરવાની વાત છોડો અહીં તો દર ખર્ચ ચલાવવા માટે રૂપિયા ઓછા પડે છે !

## મોંઘવારી નકકી કરતા છુટક ફુગાવાને વધુ વાસ્તવિક બનાવાશે

નવી દિલ્હી : દેશમાં વધતી જતી મોંઘવારી અને હવે ફરી એક વખત અચ્છે દિન આવી રહ્યા છે તે વચ્ચે હવે સરકારે છુટક ફુગાવાને બદલતી જતી લોકોની જરૂરીયાત અને ખરીદીના સંદર્ભમાં વધુ વાસ્તવિક બનાવવા નિર્ણય લીધો છે અને આ કવાયત દેશના વધુ શહેરો અને ગ્રામ્ય વિસ્તાર સુધી વિસ્તારાશે. કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ એટલે કે સીપીઆઈ એ સૌથી મોટો આંકડો છે જેને રીઝર્વ બેંક પણ વ્યાજદર નકકી કરવા માટે મહત્વનો માને છે અને આ સીપીઆઈ એ દેશમાં મોંઘવારી માટેનો સેન્સેકસ ગણાય છે.પરંતુ હવે જે રીતે લોકોનો ખાદ્ય તેમજ કપડા સિવાયનો ખર્ચ પણ વધતો જાય છે અને તે તેની આવક ઉપર અસર કરે છે તેમજ બજારના સેન્ટીમેન્ટ પણ તે આધારે બદલે છે તે વચ્ચે કેન્દ્ર સરકારે હવે કુલ ૨૩૦૦ વિસ્તારોમાંથી છુટક ભાવના જે આંકડા લેવાય છે તેના બદલે તેનો વિસ્તાર કરીને ૨૯૦૦ વિસ્તારો સુધી પહોંચાશે નેશનલ સ્ટેટીકલ ઓફિસ કે જે આ કામગીરી કરે છે તે ૧૧૧૪ શહેરી અને ૧૧૮૧ ગ્રામિણ માર્કેટ કે જે ૩૧૦ પસંદગીના ક્ષેત્રમાં ફેલાયેલી છે.ત્યારથી દર મહિને આંકડા લે છે આ ઉપરાંત દેશના મોટા ૧૨ શહેરો કે જે મેટ્રો સીટીની વ્યાખ્યામાં આવે છે.

## નવા શૈક્ષણિક સત્રનો આજથી પ્રારંભઃ પ્રથમ દિવસે જ વર્ગખંડો બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠ્યા

**વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું : શાળા સંચાલકો અને વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો**

ગાંધીનગર : રાજ્યમાં આજથી નવા શૈક્ષણિક સત્ર નો પ્રારંભ થતાં રાજ્યભરમાં શાળાઓ શરૂ થઈ છે. શાળાઓ શરૂ થવાના પ્રથમ દિવસે જ શાળાના વર્ગખંડો બાળકોના કિલકિલાટ થી ગુંજી ઉઠ્યા હતા અને શાળા ના મેદાનો વિદ્યાર્થીઓના શોરબકોર થી ગુંજતા થયા હતા. બે મહિના ના ઉનાળુ વેકેશનની રજાઓ પૂર્ણ થયા બાદ આજથી રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં શાળાઓ પુનઃ શરૂ થઈ છે. નવા શૈક્ષણિક સત્ર શરૂ થવાના પ્રથમ દિવસે શાળાઓ ખુલતા શાળા એ આવતા બાળકોનું શાળા સંચાલકો અને શિક્ષણ કર્મીઓ દ્વારા કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આજથી બાલમંદિર અને ધોરણ-૧ માં પણ પ્રવેશ મેળવેલ બાળકો શાળાએ આવ્યા હતા. શાળમાં શિક્ષણનો આજે પ્રથમ દિવસ હોય નાના બાળકો ના કિલકિલાટ થી વર્ગખંડો ગુંજી ઉઠ્યા હતા.બે મહિનાનું ઉનાળુ વેકેશન પડ્યું હતુ જેના કારણે શાળા ના મેદાનો સુમસામ પડ્યા હતા. જોકે ઉનાળુ વેકેશન પૂર્ણ થતા આજથી ફરીને શાળાઓ શરૂ થતા અને શિક્ષણ કાર્ય શરૂ થતા શાળા ના મેદાનો માં

અનુસંધાન પાના નં.૪ પર

## ગુજરાતમાં કોરોનાનો વધતો ખતરો : રાજકોટમાં ૧૯ કેસો : સંક્રમણ વધ્યું

રાજકોટ : સૌરાષ્ટ્રમાં કોરોના સંક્રમણ ચાલુ રહ્યું છે રાજકોટ શહેરમાં બે દિવસમાં કોરોનાના ૧૯ કેસ નોંધાયા છે. જામનગરમાં બે દિવસમાં ૧૫ દર્દી નોંધાયા છે.રાજકોટમાં એક સારી વાતએ પણ છે કે કુલ ૧૦૫ કેસમાં ૫૪ દર્દી સાજા પણ થઈ ગયા છે.ગઈકાલે રવિવારે નોંધાયેલા ૧૦ કેસમાં રૈયારોડ, ગંગદેવ પાર્ક, સ્માર્ટ બજાર પાસે, અંજની અને છોટુનગર સોસાયટી રેલ્વે લોકો કીબેટની, રાજલક્ષ્મી સોસાયટી, રનિમ સ્કાય સીટી ક્રિષ્ના પાર્ક, આદર્શ સોસાયટીના કેસ સામેલ છે.જામનગર શહેરમાં શનિવારે કોરોના સંક્રમણ ની ગતિ વધુ તેજ બની છે. આજે પણ શહેરી વિસ્તાર માં વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાયા છે.જેમાં ડેન્ટલ કોલેજ ની હોસ્ટેલ ના બે તબીબી વિધાર્થીઓ નો સમાવેશ થાય છે. છેલ્લા ચાર દિવસમાં જ ડેન્ટલ કોલેજ ,.હોસ્ટેલ ના એક ડઝન તબીબી વિધાર્થીઓ કોરોના સંક્રમિત બન્યા છે.શહેર ના ૧૦ કેસ માંથી પાંચ મહિલા અને પાંચ

અનુસંધાન પાના નં.૪ પર


કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

**તંત્રી સ્થાનેથી....**

**જેઠ સુદ - ૧૩, તા.૦૯ જૂન, સોમવાર**

# ચારે તરફ લાશોના ઢગલા, હજારો બેઘર.!

# ૯મી જુન : વાવાઝોડાની ગોઝારી ઘટના કંડલા કોમ્પ્લેક્ષ કદાપિ નહી ભુલી શકે...!





**વર્તમાન ડીપીએ-કંડલા ચેરમેનશ્રી છે સકારાત્મક-આગવી કોઠાસુઝ અને દ્રષ્ટીકોણ ધરાવતાં અધિકારી : હવે આગામી ૩ વર્ષમાં ડીપીએ-કંડલા પોર્ટનો વિકાસ સ્વપ્ને-કલ્પનામાં પણ નહી વિચારાયો હોય તેવો થશે, જરૂર છે, ડીપીએ ચેરમેનશ્રી સુશીલકુમારના હાથ મજબુત કરવાની, તેઓ જે રીતે પોર્ટને દેશ-દુનીયાની પ્રથમ હરોળમાં લઈ જવા માટે રોડમેપ સાથે આગળ વધી રહ્યા છે, તેમાં સૌએ સકારાત્મક રીતે સાથ આપવાની છે જરૂર : શ્રી સુશીલકુમાર ડીપીએ-કંડલાને વિશ્વનુ નંબર વન પોર્ટ બનવીને જ રહેશે**

આજે નવમી જુન છે. ૯ જુન ૧૯૯૮ની એ તવારીખ દેશ-દુનીયામાં સદાય ચમકતુ કંડલા કોમ્પલેક્ષ કદાપિ ભુલાવી નહી શકે. અરબ સાગરના લક્ષદ્વીપ કિનારે ૧ જૂન ૧૯૯૮ના રોજ લો પ્રેશર ઝડપથી વાવાઝોડામાં પરિવર્તિત થઈ ગયું હતું, ત્યારબાદ ૪ જૂનના રોજ વધુ ભયાનક બનીને આગળ વધ્યું હતું. ૭ જૂને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું હતું. જોકે, ૮ જૂનના રોજ હવામાન વિભાગે આ પ્રચંડ વાવાઝોડું વેરાવળ તરફ આગળ વધી રહ્યું હોવાનું જણાવ્યું હતું. ત્યારે વેરાવળ તરફ આગળ વધી રહેલા આ વાવાઝોડું ત્રાતકવાની સંભાવના હતી. પરંતુ અચાનક તેની દિશા બદલાઈ જતા તે ૯ જૂનના રોજ પોરબંદર, જામનગર અને સૌથી વધુ કંડલાના દરિયાકાંઠે ત્રાટક્યું હતું. ત્યારે કંડલામાં ૧૯૯૮ના જૂન મહિનાના પહેલા અઠવાડીયામાં કંડલા ઉપર ત્રાટકેલા આ પ્રચંડ વાવાઝોડાના પગલે માર્ગો તથા શેરીઓમાં કરૂણ દશ્યો સર્જાયા હતા. ચારેબાજુએ મૃતદેહો રઝળતા જોવા મળ્યા હતા. જ્યારે વીજળીના થાંભલા ઉપર અબોલા જીવોની લાશો લટકતી હતી. કંડલા પોર્ટ પર ગોઠવેલી હજારો ટનની ક્રેનો ઝાડની ડાળીઓની જેમ વળી ગઈ હતી. જ્યારે જંગી જહાજો પણ તોફાની પવનોમાં ફંગોળાતા કિનારા સુધી ઢસડાયા હતા.

તો બીજી બાજુ વાવાઝોડાની અસર જામનગર સુધી પણ પહોંચી હતી. જામનગર શહેરમાં ભયાનક માનવસંહાર થયો હતો.જામનગર શહેરના માર્ગો ગલીઓ, વગેરે જ્યાં જુઓ ત્યાં તબાહીના દશ્યો જોવા મળતાં હતાં. જેમાં ૧૦ હજારથી વધુ ગરીબ શ્રમજીવીઓના મોત થયા હતા. જામનગરની સરકારી હોસ્પિટલમાં તે સમયે મૃતદેહના ઢગલાં ખડકાઈ ગયા હતા. તો વળી કંડલામાં વાવાઝોડાની ઝપેટમાં પત્તાની જેમ ઉડીને દરિયામાં જીવતેજીવ સમાધી થઈ ગઈ હતી તેવા હજારો માનવીઓનાં મૃત્યુનો કોઈ હિસાબ આજદીન સુધી મળ્યો નથી. આજે આ દુઃખદ ઘટનાને બે દાયકાથી વધુનો સમય પસાર થઈ ગયા છે. ત્યારે આજે જેઓ આ કરુણાંતિકાના સાક્ષી રહ્યા હતા તેવા હયાત માનવીનું હૃદય કુદરતના આ વિનાશનું સ્મરણ કરતા હચમચી ઉઠે છે.

# ભુજ નગરપાલિકાની નવી બિલ્ડીંગની ૯૦ ટકા કામગીરી પૂર્ણ



**૩૦ હજાર સ્કવેર ફુટમાં તૈયાર કરાઈ અત્યાધુનિક નવી બિલ્ડીંગ : પ્રથમવખત સત્તાપક્ષના નેતા અને દંડક માટે કેબિનોની વ્યવસ્થા : કચેરીમાં આવતા અરજદારો માટે ટોયલેટ, પાણી, લિફ્ટ સહિતની સુવિધાઓ**

ભુજ : શહેરમાં આવેલી નગરપાલિકા વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપ સમયે જર્જરીત થઈ ગઈ હતી. જેથી શહેરની નગરપાલિકાની નવી બિલ્ડીંગની કામગીરી બે વર્ષ અગાઉ શરૂ કરવામાં આવી હતી.

અત્યાર સુધી પાલિકાના નવા બિલ્ડીંગની ૯૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જો કે હજુ ૧૦ ટકા જેટલી કામગીરી બાકી રહી છે. આ અંગે નગરપાલિકા કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ૩૦ હજાર સ્કવેર ફુટમાં પાલિકાની નવી બિલ્ડીંગ તૈયાર કરવામાં આવી છે. જેમાં હવે ૧૦ ટકા જેટલી કામગીરી બાકી છે. જેમાં ઈલેટ્રીશીયન, સીસી રોડ, બાઉન્ડ્રી સહિતનું કામ બાકી રહ્યું છે. જે આવનારા એક - દોઢ મહિનામાં પૂર્ણ કરી દેવામાં આવશે.

વધુમાં જણાવ્યું હતું કે, આ નવી બિલ્ડીંગમાં ૨૪ જેટલા રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. સાથે જ સામાન્ય સભા માટે મોટો હોલ અને પ્રેસ કોન્ફરન્સ માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રૂ.૪.૫૦ કરોડના ખર્ચે પાલિકાની નવી બિલ્ડીંગમાં ત્રણ માળમાં તૈયાર કરવામાં આવી છે. જેમાં નીચેના માળે જન ઉપયોગી કેન્દ્રો ગોઠવવામાં આવ્યા છે, જેથી અરજદારોને તકલીફ ભોગવવી ન પડે. બીજા માળે કર્મચારીઓ અને પદાધિકારીઓ માટે રૂમો અને ત્રીજા માળે ટેકનિકલ સ્ટાફ તેમજ સામાન્ય સભા માટે હોલ સહિતની વ્યવસ્થા કરાઈ છે.

અત્યાધુનિક કચેરીના દરેક ફ્લોર પર પાણીની સુવિધા, લિફ્ટની વ્યવસ્થા તેમજ દિવ્યાંગો માટે રેમ્પની વ્યવસ્થા કરવામાં આવી છે. ભવિષ્યમાં જો ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો મળે તો કોઈ સુધારા વધારા કરવા ન પડે તેને ધ્યાનમાં રાખીને પાલિકાની નવી બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પાલિકા કચેરીની નવી બિલ્ડીંગમાં પ્રથમવખત સત્તાપક્ષના નેતા અને દંડકને પણ કેબિનોની વ્યવસ્થા કરવામાં આવી છે. સામાન્ય રીતે પ્રમુખ, કારોબારી ચેરમેનનની જ કેબિનો હોય છે, પરંતુ નવા બિલ્ડીંગમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે પણ અલગ કેબિનો બનાવવામાં આવી છે. કચેરીની બારી પાસે જન્મ-મરણના દાખલા સહિતની કામગીરી માટે આવતા અરજદારો માટે શેડ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. આવનારા સમયમાં ભુજ શહેરને સુધરાઈને અત્યાધુનિક નવી કચેરીની ભેટ મળી શકે છે તેવું અંતમાં ઉમેર્યું હતું.

## ભારાપરમાં ટ્રાફિકજામની સમસ્યા રોજિંદી બની

ભુજ : ભુજ-મુન્દ્રા રોડ પર આવતા ભારાપર ગામે ટ્રાફિકજામની સમસ્યા રોજિંદી બની છે. દર બીજા-ત્રીજા દિવસે અહીં એમ્બ્યુલન્સ ફસાઈ જાય છે. ખાસ કરીને સવાર અને સાંજે ફુલ ટ્રાફિક હોય છે. ગઈકાલે રવિવારે ૧૦૮ એમ્બ્યુલન્સ અડધો કલાક સુધી ફસાઈ ગઈ હતી. વારંવારની સમસ્યાનો એક માત્ર ઉપાય બાયપાસ છે પરંતુ બાયપાસ બન્ને ત્યાં સુધી પોલીસ કર્મચારી અહીં હાજર રાખવામાં આવે તેવી માંગણી સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી છે.

## મથલ સીમમાં જુગાર રમતા છ ખેલીઓ પકડાયા

નખત્રાણા : તાલુકાના મથલ ગામે કોટડા ડુંગરની બાજુમાં આવેલ બાવળોની ઝાડીમાં જુગાર રમતા છ ખેલીઓ પકડાયા હતા. જેમાં શિવજીભાઈ મેઘજીભાઈ મારવાડા, ઈશા મુસા કુંભાર, ઈશા સિધિક લુહાર, હારૂન જુમા કુંભાર, ઓસમાણ રમજાન પીંજારા અને રજાક અલીમામદ કુંભારનો સમાવેશ થાય છે. ખેલીઓ પાસેથી રોકડા રૂા.૧૩,૭૦૦ કબજે કરવામાં આવ્યા હતા.

# ભુજના કોડકી રોડ પર અકસ્માતમાં બુલેટ ચાલકને ઈજા

ભુજ : શહેરના કોડકી રોડ પર ડો.રામ ગઢવીના દવાખાના પાસે અકસ્માત થયો હતો. ફરિયાદી હંગામી આવાસમાં રહેતા ઈમરાન ફકીરમામદ સુમરાના જણાવ્યા પ્રમાણે સફેદ કલરની અર્ટિકા ગાડી નં.જીજે૧૨ - ડીએમ - ૬૫૪૫ ના ચાલકે પોતાની ગાડી બેદરકારીથી ચલાવી ખાલી સાઈડમાં વાળતા સામેથી આવતી ફરિયાદીની બુલેટ બાઈક નં. જીજે૧૨ - એબી - ૪૯૩૪ સાથે ભટકાવી શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડતા એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

--------

## ભુજમાં સગીરાનું અપહરણ કરાયું

ભુજ : શહેરમાં લખુરાઈ ચાર રસ્તા રેલવે ફાટક પાસેથી સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. કોઈ અજાણ્યા ઈસમ દ્વારા કાયદેસરના વાલીપણામાંથી સગીરાનું અપહરણ કરાતા બી-ડિવિઝન





પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

----------

## માધાપરમાં એનઆરઆઈ મહિલાના ગળામાંથી દોઢ લાખની ચેઈન ઝુંટવાઈ

ભુજ : તાલુકાના માધાપર નવાવાસમાં આવેલા ભીમાસર વિસ્તારમાં ગઈકાલે સાંજે ૬:૩૦થી ૭ વાગ્યાના અરસામાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ઝુંટવાઈ હતી. માધાપર પોલીસ સ્ટેશનેથી મળતી વિગતો મુજબ યુકેમાં રહેતા એનઆરઆઈ મહિલા પોતાના ઘરે માધાપર આવ્યા હતા અને ચીલઝડપનો ભોગ બન્યા હતા. ફરિયાદી મંજુલાબેન જાદવજીભાઈ વરસાણીના જણાવ્યા પ્રમાણે બાઈક પર બે અજાણ્યા ઈસમો આવ્યા અને તેમના ગળામાં પહેરેલી પેન્ડલ સાથેની સોનાની ચેઈન ઝુંટવીને ભાગી ગયા હતા. ત્રણ તોલા સોનાની ચેઈન કિંમત રૂા.દોઢ લાખની મત્તા ઝુંટવાઈ જતા ગ્રામજનો પોલીસ સ્ટેશને ગયા હતા. પોલીસે ચીલઝડપનો ગુનો દાખલ કરી કેમેરાના મદદથી આરોપીઓને ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન બનાવ્યા છે.

# અંજાર-સતાપર રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જનાર કોલેજના વિદ્યાર્થી સામે ગુનો

**કાળા કાચવાળી ક્રેટા ગાડી પૂર ઝડપે ચલાવી બે બાઈકોને ઉડાવી હતી : અકસ્માતમાં માતા-પુત્રના મોત અને ચાર લોકો થયા હતા ઘાયલ**

અંજાર : અંજાર-સતાપર રોડ પર માધવ વિલા સોસાયટી પાસે ગંભીર અકસ્માત થયો હતો. જેમાં કારમાંથી મળેલા આઈકાર્ડના આધારે કોલેજના વિદ્યાર્થી સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ અંજાર તાલુકાના ટપ્પર ગામે રહેતા અમીતગર મહેશગર ગોસ્વામીએ જણાવ્યું કે, તેમના ભાઈ શરદગર અને માતા સાવિત્રીબેન તથા દીકરી આઠ વર્ષની સાક્ષી બાઈક પર બેસીને અંજારથી ટપ્પર ગામ આવતા હતા ત્યારે માધવ વિલા સોસાયટી પાસે સતાપર બાજુથી અંજાર જતા કાળા કલરની અને કાળા કાચવાળી ક્રેટા ગાડી નં. જીજે૧૨ - ઈઈ - ૮૦૭૦ ના ચાલકે પૂર ઝડપે આવી બાઈકને ટક્કર મારતા અકસ્માત થયો હતો.

સિંગલ પટ્ટી રોડમાં રોંગસાઈડમાં પોતે ગાડી ચલાવશે તો અકસ્માત થશે તેવું જાણવા જતા પૂર ઝડપે ગાડી ચલાવી બે બાઈકોને ઉડાવી હતી. ગાડીના ચાલક રાપર ખોખરાના રાજવીરસિંહ ચાવડાએ પુર ઝડપે ગાડી ચલાવી સર્જેલા અકસ્માતમાં બાઈક પર બેઠેલા ફરિયાદીના માતા ૫૮ વર્ષિય સાવિત્રીબેન અને ૩૭ વર્ષિય ભાઈ શરદગરને ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. જ્યારે આઠ વર્ષની દીકરી સાક્ષીને ગંભીર ઈજાઓ થતા સારવાર તળે દાખલ છે. જ્યારે અન્ય બાઈકને ટક્કર મારતા તેમા સવાર ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. અકસ્માત વખતે ગાડીમાંથી કોલેજના વિદ્યાર્થીનું આઈકાર્ડ મળી આવ્યું હતું. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. પોલીસે તપાસ કરી રાજવીરસિંહ ચાવડા સામે ગુનો દાખલ કર્યો છે.

# ભુજમાં એમડી ડ્રગ્સ સાથે બે શખ્સો પકડાયા



ભુજ : શહેરમાં ભુજીયા ડુંગરની તળેટીમાં અમરનાથ મહાદેવ મંદિર સામે એસઓજીએ કાર્યવાહી કરી કેમ્પ એરિયાની પીરવાળી શેરીમાં રહેતા ઈકબાલ આમદ માંજોઠીને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૩૫ હજારનું એમડી ડ્રગ્સ કબજે કરવામાં આવ્યું હતું. પુછપરછ કરતા વસીમ આમદ જુણેજા પાસેથી માલ લીધો હોવાની કબૂલાત અપાઈ હતી.

ઈકબાલે પોતાના સેવન માટે એમડી ડ્રગ્સ લીધું હતું. માલ વેચનાર વસીમને પણ મોડેથી ઝડપી લેવામાં આવ્યો હતો. બન્ને સંબંધમાં સાળા-બનેવી થતા હોવાનું સામે આવ્યું છે. બી-ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વડાલામાં યુવાને આપઘાત કર્યો

ભુજ : મુન્દ્રા તાલુકાના વડાલા ગામે આવેલા પારાધી ફળિયામાં રહેતા ૨૩ વર્ષિય રાજેશ ધરમશી જોગી નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે આપઘાત કરી લેતા મુન્દ્રા મરીન પોલીસે એડી દાખલ કરી હતી. આ તરફ ભુજમાં રેલવે સ્ટેશન સામે રેલવે સુરક્ષા બળની

**ભુજના રેલવે સ્ટેશને યુવાન મૃત મળી આવ્યો**

ઓફિસની દીવાલ પાસે કોઈ અજાણ્યો પુરુષ મૃત હાલતમાં મળી આવતા બી-ડિવિઝન પોલીસમાં એડી દાખલ કરવામાં આવી હતી.

# ભુજમાં મધ્યપ્રદેશના નગરસેવકને લૂંટી લેનાર ટોળકીનો સાગરીત પકડાયો

**સસ્તામાં સોનું આપવાનું કહી ઝાંસીની રાણી સર્કલ પાસે ર.૩૦ લાખ રોકડા લૂંટી લીધા હતા**



ભુજ : મધ્યપ્રદેશના નગરસેવક તેની પત્ની સાથે ભુજ ફરવા આવ્યા હતા ત્યારે ભુજના ચીટરોએ સસ્તામાં સોનું આપવાનું કહીં ર.૩૦ લાખ લૂંટી લીધા હતા. જે અંગે ફરિયાદ થયા બાદ એલસીબીએ એક આરોપીને ઝડપી લીધો છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ મધ્યપ્રદેશના હરપાલપુર નગરપાલિકાના નગરસેવક રાજેન્દ્ર જયરામ મિશ્રા તેમની પત્ની સાથે ભુજ ફરવા આવ્યા હતા ત્યારે ઓફિસના કોમ્પ્યૂટર ઓપરેટરે ભુજમાં સસ્તામાં સોનું મળતું હોવાનું કહી મોબાઈલ નંબર આપ્યો હતો. જેના પર સંપર્ક કરતા જ્યુબિલી સર્કલે આરોપી આવ્યા અને તયબાહ ટાઉનશિપમાં લઈ ગયા હતા. જ્યાં સોનું બતાવી દુબઈથી માલ આવતો હોવાનું કહી ૧૫થી ૨૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે તેમ જણાવ્યું હતું. ફરિયાદીએ તેઓ હાલ ફરવા આવ્યા હોવાથી પૈસા નથી તેમ કહ્યું હતું. બે દિવસ પછી ફરિયાદી સ્મૃતિવન ફરવા માટે ગયા ત્યારે આરોપીઓ આવ્યા અને ઝાંસી કી રાણી સર્કલ પાસે બોલાવી ફરિયાદીને કહ્યું કે, તમારી પાસે જેટલા રૂપિયા હોય તેટલાનું સોનું લઈ લ્યો. જો પસંદ આવે તો બીજો ઓર્ડર આપજો. વાત વાતમાં પોતાની પાસે ર.૩૦ લાખ હોવાનું કહેવાઈ જતા એક આરોપીએ નજર ચૂકવીને રોકડા ભરેલું પર્સ મહિલાના હાથમાં છીનવી લીધું હતું અને આરોપીઓ ગાડીમાં ભાગી ગયા હતા. જેથી ચાર ઈસમો સામે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ થઈ હતી. જેના આધારે એલસીબીએ તપાસ કરીને રેલવે સ્ટેશનના ગેટ પાસેથી ગુના કામે વપરાયેલી ક્રેટા ગાડી નં.જીજે૧૨ - એફએ - ૯૭૭૪ ને કબજે આરોપી જયપ્રકાશ નગરમાં રહેતા આશિફ રમજુ તુર્કની ધરપકડ કરી હતી. અન્ય શખ્સોને ઝડપી લેવા માટે પોલીસે તપાસના ચક્રોને ગતિમાન બનાવ્યા છે.

# ખાંભલા ખાતે વાંકોલ માતાજીની મોટી જાતરનું આયોજન

**રબારી સમાજના ધર્મગુરુ રામ બાલકદાસજી પધારી ધર્મસભા સંબોધશેઃ તા. ૧૦ જુનના હજારોની જનમેદની સાથે રબારી સમાજ ઉમટી પડશે**

નખત્રાણા : તા.૧૦-૬ના જેઠ સૂદ ચૌદસના ખાંભલા ખીજલ ખટલાધામ મધ્યે વાંકોલ માતાજીની મોટી જાતરનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર રબારી નાત વિહોતર કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર હાલાર બારાડીમાંથી માતાજીના ભક્તો પધારશે અને પથરીવિધિ સાથે વર્ષના શુકન લેવામાં આવશે.

૫૫૦ વર્ષથી અહીં શ્રી વાંકોલ માતાજીના બેસણા છે અને સમગ્ર રબારી સમાજના ઈષ્ટદેવી તરીકે પૂજાય છે. વર્ષોથી અહીં રબારી સમાજ માતાજીની મોટી જાતર કરે છે અને વર્ષના વરસાદના શુકન લેવામાં આવે છે. માતાજીના રૂખડા સ્વરૂપમાં આવી ધન ધન્ય અને દૂધ આરોગી માતાજી સારા વર્ષના સંકેત આપે છે તે પ્રમાણે માલધારીઓ પોતાનો માલ લઈ જાય છે તથા ખેડૂતો ખેતીની વાવણી કરે છે. દરેક સમાજના લોકો અહીં માથું ટેકવવા આવે છે અને વાકોલ માતાજીમાં આસ્થા ધરાવે છે. માતાજીના સંકેત પ્રમાણે વરસાદ થાય છે અને વર્ષનો અણસાર મળે છે.

જેઠ સુદ ચૌદશ વહેલી પરોઢથી ઉલટ અને વળવા ભોપાના ભુવાજીઓ માતાજીના મંદિરમાં બેસે છે અને ચૌદશની મોડી રાત સુધી પતરીવિધિ સાથે અહીં સારા શુકન જોવામાં આવે છે. ધોર અને આરાધી વાણીની રમઝટ જામે છે. સમગ્ર નાત વિહોતરનો મેળાવડો અહીં જામે છે.

૫૫૦ વર્ષ પહેલા રાજસ્થાન વિરાત્રાથી શ્રી વાંકોલ માતાજી કાસેલા પરિવારના સભરમ ભોપા સાથે અહીં આવી અને બેસણા કર્યા છે ત્યારબાદ માતાજી ઉપર આસ્થા ધરાવતા રબારી સમાજના અનેક ગામોમાં શ્રી વાંકોલ માતાજીના નીજ મંદિરો બન્યા છે. કચ્છમાં માતાજીએ અનેક પરચા પૂર્યા છે. જેથી રબારી સમાજના લાડવાઈ માતાજી બન્યા છે. વડવા ભોપા ભોપાવાંઢ, બોચા, સામત્રા, ઉલટ વગેરે ગામોમાં માતાજીના મોટા મંદિરો આવેલા છે અને દર વર્ષે ત્યાં પણ તિથિ પ્રમાણે માતાજીની આરાધના કરાય છે અને નવરાત્રિ ઉજવાય છે અને માતાજીની જાતર કરાય છે. તા. ૧૦/૬ ચૌદસના અહીં વહેલી સવારે ૫ર ગજની ધજા ચડાવી ધર્મસભા, મહા આરતી, આરાધીવાણી, ધોરની રમઝટ જામશે. સમગ્ર કચ્છ, ગુજરાત, રાજસ્થાન હાલાર અને બારાડીમાંથી રબારી સમાજ પધારશે. શ્રી વાંકોલ માતાજી સેવા સમિતિ યુવક મંડળ દ્વારા સમગ્ર વ્યવસ્થા સંભાળવામાં આવી રહી છે. અહીં લાખા ભોપા તેમજ રાણા ભોપા નિયમિત સેવા-પૂજા સંભાળી રહ્યા છે.

# મોટી ખેડોઈમાં કચરો બહુ ઉડે છે તેવું કહેતા છરી વડે હુમલો કરાયો

ગાંધીધામ : અંજાર તાલુકાના મોટી ખેડોઈ ગામે કચરો ઉડવા બાબતે હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદી સિદ્ધરાજસિંહ રણજીતસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી જયવીરસિંહ પ્રવીણસિંહ જાડેજાની માતાએ અહીં કચરો બહું ઉડે છે તેવું કહેતા ફરિયાદીએ કહ્યું હતું કે, અમે કચરો નાખતા નથી, કચરો ઉડતો હોય તો અહીં દરવાજો નાખી દયો તેવું કહેતા આરોપીઓ ઉસ્કેરાઈ ગયા અને જયવીરસિંહે છરી વડે હુમલાનો પ્રયાસ કરતા હાથ પકડી લીધો ત્યારે જશદીપસિંહ વિરેન્દ્રસિંહ જાડેજાએ ધોકાવડે માથાના ભાગે હુમલો કરતા લોહી નીકળી આવ્યા હતા. જેથી અંજાર પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## માનકૂવામાં પાઈપ વડે હુમલો કરાયો

ભુજ : તાલુકાના માનકૂવા ગામે ટીમ્બરની બાજુવાળી શેરીમાં ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારવામાં આવતા ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી લહેરી ભીમજી યાદવે આ બાબતે કિશન કોલી અને એક અજાણ્યા ઈસમ સામે માનકૂવા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.


**શિવસાગર યાત્રા સંઘ**

**ચાલો ભુજ થી અમરનાથ**

ઉ.તા. ૨૪/૦૬/૨૫, પ્ર.દિ-૧૫, ૨×૨ સ્લીપર

વર્ષોનો અનુભવ ધરાવતું યાત્રા સંઘ-સારું મેનેજમેન્ટ

નીચેના સોફાના રૂા. ૧૫,૫૦૦/-

ઉપરના સોફાના રૂા.૧૪,૫૦૦/-

સાગર પુરબીયાઃ મો.૮૩૨૦૨ ૭૧૯૧૦

રાજુભાઈઃ મો.૯૫૮૬૬ ૯૭૧૦૧

-:: બુકીંગ માટે ::-

**રાજવી ટુર એન્ડ ટ્રાવેલ્સ**

જીલ્લા પંચાયતની સામે, ભુજ-કચ્છ.


## ::: જાહેર નોટીસ તેમજ ચેતવણી :::

આથી મારા અસીલ શ્રી રાજુભાઈ સોમાભાઈ નાઈ ની સુચના થી સર્વે લાગતા વળગતાને આ જાહેર નોટીસ થી સુચીત કરવામાં આવે છે કે ગાંધીધામ માં આવેલ સેકટર નં.૭ પ્લોટ નં. ૩૦૪, અને પ્લોટ નં. ૩૪૦, વાળા બન્ને પ્લોટોમાં ૩ ભાઈઓ ના ભાગ છે અને પ્લોટ નં. ૩૪૦ અમારી માતા ના શારદાબેન સોમાભાઈ નાઈ નો નામ છે. પ્લોટ નં. ૩૦૪,માં અશ્વિનભાઈ સાથે શારદાબેન નો પણ અળધો ભાગ છે. તેના આધાર પુરાવા મારી પાસે છે. જેથી આ બન્ને મિલકતો માં મારો અને મારી માતાનો હકક હિસ્સો હોવાથી એકલા અશ્વિનભાઈ સોમાભાઈ નાઈ તથા વિનોદભાઈ સોમાભાઈ નાઈ સાથે કોઈપણ વ્યકિતને આ પ્લોટો અંગે કોઈ ખરીદ વેચાણ, નામ ટ્રાન્સફર,જેવો વહેવાર કરવો નહી અને મારી માતા શારદાબેન સાથે મારા ભાઈઓ કોઈપણ જાત નો લખાણ કે તેમને ધાક-ધમકી દબાણ આ પ્લોટો અંગે કરે નહી તેવી પણ આ જાહેર નોટીસ થી સુચના આપવામાં આવે છે. છતા આવી કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો તેમની સામે કાયદેસરની કાનુની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી

સ્થળઃ-ગાંધીધામ-કચ્છ

તારીખ.૦૮/૦૬/૨૦૨૫

અમારી મારફતે

જી.એન.ખટાના (એડવોકેટ)

મો.નં.૯૮૨૫૩૯૫૩૩૮

જાહેર કરનાર

(રાજુભાઈ સોમાભાઈ નાઈ)

# ભુજમાં કોરોનાના વધુ ત્રણ પોઝીટીવ કેસ નોંધાયા

**જિલ્લામાં એક્ટિવ કેસનો આંક ૧૭**

ભુજ : કચ્છમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ગઈકાલે જિલ્લા મથક ભુજમાં કોરોનાના વધુ ત્રણ કેસ નોંધાયા હતા. જિલ્લામાં કોરોનાના કુલ્લ નોંધાયેલા કેસનો આંક ૨૬ થયો છે. હાલે કચ્છમાં કોરોનાના ૧૭ સક્રિય કેસો છે. રવિવારે ભુજમાં ૭૧ વર્ષિય વૃદ્ધા ઉપરાંત ૩૮ અને ૩૯ વર્ષના પુરૂષ દર્દીઓના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા હતા. હાલે તમામ સક્રિય દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા છે. કચ્છમાં અત્યાર સુધી નોંધાયેલા કુલ્લ ૨૬ કેસોમાંથી સૌથી વધુ કેસ ભુજમાં નોંધાયા છે. ભુજમાં ૧૬, ગાંધીધામમાં ૪, નખત્રાણા, માંડવીમાં બે - બે, મુંદરા, અબડાસા અને અંજારમાં એક - એક કેસ નોંધાયા છે. જિલ્લા આરોગ્ય તંત્રએ લોકોને ગભરાટમાં આવ્યા સિવાય રોગના લક્ષણો જણાય તો સત્વરે નિદાન કરાવવા અને જરૂરી તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.

# ભુજ ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગની બેઠક યોજાઈ





ભુજ : તાજેતરમાં ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ, ભુજ દ્વારા સંસ્થાની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જે સંદર્ભે પ્રમુખ ગીતાબેન પારેખના નેત્રુત્વમાં જલારામ રીસોર્ટ, માંડવી ખાતે કમિટી મેમ્બર્સ અને સંસ્થાના સભ્યો હાજર રહ્યા હતા.

સરલાબેન દોશી, વૈશાલી પી. શાહ અને સોનુ કોઠારીએ મિટીંગની શરૂઆત નવકારમંત્રથી કરી હતી. વૈશાલી જે. શાહે સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ગીતાબેને સંસ્થાના છેલ્લા પાંચ પ્રોજેક્ટનો ઉલ્લેખ કરીને આગામી વૈવિધ્ય સભર પ્રોજેક્ટ વિશે વિગતે વાત કરી હતી. મીરાં શાહ, મયૂરી દોશી, કાજલ શાહ અને સોનાલી મહેતાએ વિવિધ ગેમ રમાડીને સભ્યોને મનોરંજન પૂરું પાડ્યું હતું. મનિષા મોરબીયા, નીશાબેન ખંડોરે પણ જહેમત ઉઠાવી હતી. સંસ્થા દ્વારા 'મધર્સ ડે' નિમિત્તે જે રીલ હરિફાઈ રાખવામાં આવી હતી તેમાંથી શ્રેષ્ઠ પાંચ રીલ્સના વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા અને બાકીના સૌ ભાગ લેનારને પણ આશ્વાસન ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ મિટીંગમાં સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વૈશાલી જે.શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.


તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ભુજની બાળ પ્રતિભા એ, શાસ્ત્રીય નૃત્ય ક્ષેત્રે નાની વયે મોટું કાઠું કાઢયું

# રાષ્ટ્રીયસ્તરની શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં ભુજની અંતરા ભટ્ટ નો દબદબો વટભેર વધુ 3 નેશનલ એવોર્ડ કર્યા હાંસલ





**ડાન્સ ઈન્ડીયા ડાન્સ ફેમ તથા બોલીવુડના સુપ્રસિદ્ધ કોરીયોગ્રાફર વૈભવ ગુગેએ અંતરા ભટ્ટની સિદ્ધીને બિરદાવી**

આંતરરાષ્ટ્રીય ડાન્સ કાઉન્સીલ પેરીસ સાથે જોડાણ ધરાવતી લોકલ કલ્ચરલ ઓર્ગેનાઈજેશન-પુના દ્વારા ભારત ઉત્સવ ૨૦૨૫નું કરાયુ હતુ આયોજન : ગુજરાત સહિત ભારતના **૨૪ રાજ્યો**માંથી અંદાજીત **૨૫૦૦** કલાકારોએ કલાના પાથર્યા કામણ : જેમાં **ભારત નાટયમ (સેમી કલાસીકલમાં)અંતરા ભટ્ટએ સોલો સબ જુનિયર કેટેગરી** તથા ડયુએટમાં **દેશભરમાં હાંસલ કર્યો પ્રથમ નંબર,** જયારે ટ્રાયોમાં ભારતમાં દ્વીતીય નંબરે થઈ વિજેતા

## ૧૧ વર્ષીય અંતરા અત્યાર સુધીમાં શાસ્ત્રીય નૃત્યમાં ૧૧ નેશનલ એવોર્ડ કરી ચુકી છે હાંસલ : સુગમ સંગીત ગાયનમાં પણ અંતરા ધરાવે છે અનેરી સિદ્ધીઓ

### કચ્છી ખમીર ઝળક્યું :હવે અંતરા ભટ્ટ મલેશીયા ખાતે યોજાનાર આતંરરાષ્ટ્રીય કન્ટેસ્ટ ફેસ્ટીવલમાં ભારતનું કરશે પ્રતિનિધિત્વ

ગાંધીધામ : ભારતીય સંસ્કૃતી, કલા - નૃત્ય અને સંગીત ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્યનો સંકેત આપતો રાષ્ટ્રીય કક્ષાનો ભારત-ઉત્સવ ૨૦૨૫નો કાર્યક્રમ મહારાષ્ટ્રના પુણે ખાતે તાજેતરમાં જ આયોજીત કરવામા આવ્યો હતો. જેમાં કચ્છ-ભુજ એરફોર્સ સ્કુલમાં અભ્યાસ કરતી ૧૧ વર્ષીય અંતરા આનંદકુમાર ભટ્ટએ વધુ એક વખત કચ્છનું ગૌરવ વધારતી સિદ્ધીઓ હાંસલ કરી છે. તા.૨૨ - ૨૩મેના રોજ પુના ખાતે આંતરરાષ્ટ્રીય ડોન્સ કાઉન્સલ-પેરિસની સાથે જોડાણ ધરાવતી પ્રતિષ્ઠીત સંસ્થા અખિલ લોકલ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન દ્વારા બે દિવસીય ભારત ઉત્સવના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, આસામ, રાજસ્થાન, તમિલનાડુ, કેરળ સહિત દેશભરના ૨૪ રાજયોમાથી ૨૫૦૦ જેટલા સ્પર્ધકોએ હોંશભેર ભાગ લઈ અને ભરતનાટયમ, કથ્થક, કોચ્ચીપુડ્ડી, ઓડીસ્સી, મોહીનીયટટમ સહિતની અલગ અલગ નૃત્ય શૈલીમા કલાના કામણ પાથર્યા હતા. જેમાં અંતરા આનંદકુમાર ભટ્ટએ ભરત નાટયમ ક્ષેત્રમાં ત્રણ અલગ અલગ કેટેગરીમાં પોતાની કલાનો જાદુ બતાવી અને વધુ ૩ રાષ્ટ્રીય ખિતાબ મેળવી કલા જગત ક્ષેત્રમાં કચ્છનું માથુ વધારે ગૌરવભેર ઉંચુ કરી દીધું છે. પુણેમાં આયોજિત રાષ્ટ્રીય સ્તરની સાંસ્કૃતિક સ્પ ર્ધામાં ભુજની બાળ પ્રતિભા અંતરા ભટ્ટે શાનદાર પ્રદશન કરી અને સૌનું દીલ જીતું લીધુ હતુ.પેરીસ ડાન્સ કાઉન્સીલની આંતરરાષ્ટ્રીય માન્યતા ધરાવતી આ સ્પર્ધાની મહત્વતા વધી જવા પામી હતી. પુણે ખાતે આયોજીત આ સ્પર્ધામાં અંતરા ભટ્ટે સોલો સબ જુનીયર કેટેગરીમાં **શંકરા..શંકરા** સ્તુતી પર અદભુત હાવભાવ-વસ્ત્ર-



પરિધાન અને અલંકૃત શણગાર સાથે પ્રદર્શન કરી અને નિર્ણાયકોને પ્રભાવીત કરી દેશભરમાંથી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે તો સબ જુનીયર ડયુએટ કેટેગરીમાં દ્રષ્ટી ઠકકર સાથે **મુકુંદા..મુકુંદા..** કૃતી રજુ કરી અને પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે તો જીયા ઠકકર, દ્રષ્ટી ઠકકર અને અંતરા ભટ્ટની ત્રિપુટીએ લોકનૃત્ય કૃતિ રજુ કરી અને ટ્રાયો-સમુહ નૃત્ય કેટેગરીમાં દેશભરમાં ત્રીજો નંબર હાંસલ કરી રાષ્ટ્રીય સ્તરની સ્પ ર્ધામાં કચ્છનો ડંકો ગજવી દીધો છે. અંતરા ભટ્ટ શાસ્ત્રીય નૃત્યનું પદ્ધતીસરનું જ્ઞાન ભુજની નુપુર એકેડમીના વૈશાલીબેન સોલંકી પાસેથી પ્રાપ્ત કરી રહી છે. નોધનીય છે કે, ૧૧ વર્ષીય અંતરા અત્યાર સુધીમાં ભરત નાટયમ શાસ્ત્રીય નૃત્યની અલગ અલગ સ્પર્ધાઓ-કેટેગરીમાં ભાગ લઈ અને કુલ્લે ૧૧ નેશનલ એવોર્ડ હાંસલ કરવાની અભૂતપૂર્વ સિદ્ધી ધરાવી રહી છે. આ સ્પ ર્ધાનુ પેરીસની સંસ્થા સાથે જોડાણ હોવાથી અંતરા ભટ્ટ જેવી બાળ પ્રતિભાઓની સિદ્ધીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ કલારસીકોનું ધ્યાન આકર્ષિત કર્યુ છે.સોલો સેમીકલાસીકલ નૃત્યમાં રાષ્ટ્રમાં સબ જુનીયર કેટેગરીમાં પ્રથમ આવનાર અંતરા ભટ્ટને આગામી દીવસોમાં મલેશીયા ખાતે યોજનારા આતંરરાષ્ટ્રીય કન્ટેસ્ટ ફેસ્ટીવલમાં ભારતનુ પ્રતિનિધિત્વ કરવાનું આમંત્રણ પણ મળવા પામ્યું છે.ભરતનાટયમ - શાસ્ત્રીય નૃત્યક્ષેત્રમાં નાની વયે મોટું કાઠું કાઢવા બદલ સ્વ. રસિકલાલ ભટ્ટ પરીવાર, બ્રહ્મસમાજ, એરફોર્સ સ્કુલ-ભુજ, કચ્છ-ગુજરાતનું ગૌરવ અંતરા પર ઠેરઠેરથી અભિનંદન વર્ષા થવા પામી રહી છે.

## જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ત્રિવેણી સંગમના આરે સત્સંગ થકી પરમાત્માની પ્રાપ્તી થાય : શાસ્ત્રી ભીમસેન જોષી





ગઢશીશા : માંડવી તાલુકાના મઉં મોટી ગામે સર્વ પિતૃઓના મોક્ષાર્થે મઉં મોટી ભાનુશાલી મહાજન એવમ્ મુંબઈ મહાજનના સંયુક્ત ઉપક્રમે ગોકુલનગર કથા મંડપ મધ્યે મોટા ભાડિયાના ભાગવતકાર શાસ્ત્રી ભીમસેન જોષીની વ્યાસગાદીએ અને શાસ્ત્રી નરેન્દ્રભાઈ જોષી મોટી મઉંવાળાના આચાર્ય પદે શ્રીમદ ભાગવત કથાનો ગઈકાલે ઠાકર મંદિરેથી ભવ્ય પોથીયાત્રા સાથે અંબેધામ ગઢશીશાના દેવી ચંદુમા દ્વારા વિવિધ સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટયથી પ્રારંભ કરાયો હતો. આયોજનને જગદીશભાઈ વેલજી ખાનિયા, રાજેશ માવ, કૈલાસ નરશીભાઈ માવ, રમેશ હેમરાજ માવના માર્ગદર્શનમાં પોથીપૂજન, આરતી બાદ ભાગવતકાર શાસ્ત્રી ભીમસેન જોષીએ ગણપતિ વંદના બાદ ભાગવત કથાના મંગલાચરણ કરતાં ભાગવતકથાનું મહત્વ સમજાવતાં પિતૃઓના મોક્ષાર્થે યોજાયેલા ભાગવત કથાના આયોજનથી પિતૃઓને મોક્ષ પ્રાપ્ત થતો હોવાનું જણાવતાં ભાગવત કથા સર્વજીવો માટે કલ્યાણકારી હોવાનું જણાવ્યું હતું.

આજની બીજા દિવસની કથાના પ્રારંભે સમાજવાડી મધ્યે જીવનજયોત બ્લડ બેંક ભુજના અનુક્રમે ભાનુશાલી મહાજન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનો પ્રારંભ કરાયો હતો. મહેશભાઈ ઉમરશી ગજેરા અમદાવાદ વાળાએ પ્રથમ બ્લડ ડોનેટ કરી કેમ્પનો પ્રારંભ કરાયો હતો. કથાના ભગવત સ્તુતી બાદ શાસ્ત્રી ભીમસેન જોષીએ સંગીતમય શૈલીમાં ભાગવત કથાના મંગલાચરણ કરતા જીવનમાં જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિના ત્રિવેણી સંગમના આરે સત્સંગ થાય તો પરમાત્માની પ્રાપ્તિ થાય તેવો ઉદેશ સમજાવતાં ભાગવત કથાને આગળ વધાવી હતી. ભાગવત કથાના આયોજનને સફળ બનાવવા મોટી મઉં સ્થાનિક ભાનુશાલી સમાજ, મહિલા મંડળ, યુવક મંડળ તેમજ મુંબઈ ભાનુશાલી સમાજ અને સ્થાનિક ઓધવરામ યુવક મંડળ અને મહિલા મંડળ જહેમત ઉઠાવી રહ્યો છે.

ગઈકાલની કથામાં દેવી ચંદુમા, પૂજય કરશનદાસજી (માંડવી), બટુકસિંહ મેઘરાજજી જાડેજા, લોહાણા મહાજનના પ્રમુખ દિપકભાઈ જાદવજી ઠક્કર, રત્નાપરના શાન્તિલાલ સોમજી રામાણી, સમસ્ત વિષ્ણુ સમાજ સનાતન સમાજના અગ્રણીઓ ગ્રામજનો જોડાયા હતા. કથામાં શાન્તિલાલ હેમરાજ ચંદે, ભવાનજી જેઠાલાલ ઠક્કર, ક્ષત્રિય અગ્રણી હિંમતસિંહ મેઘરાજજી જાડેજા, ભૂપેન્દ્રસિંહ દિલાવરસિંહ જાડેજા સહિતના અગ્રણીઓએ હાજરી આપી હતી. મહિલા મંડળ દ્વારા ભવ્ય દાંડિયા રાસ યોજાયા હતા. શાસ્ત્રી અને સાહિત્યના સંગમ વચ્ચે કાર્યક્રમનું સંચાલન માંડવીના જાણિતા લોક સાહિત્યકાર રમેશભાઈ જોષી કરી રહ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત

## સમર કેમ્પમાં બાળકોને આરોગ્યપ્રદ ભોજન અને યોગાભ્યાસ વિશે સમજણ અપાઈ

ભુજ : તાજેતરમાં જ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય સમર કેમ્પનું આયોજન ભુજમાં માં આશાપુરા વિદ્યા સંકુલ ખાતે, નખત્રાણામાં ટી.ડી વેલાણી કન્યા હાઈસ્કૂલ ખાતે તેમજ મુન્દ્રામાં પુષ્કર્ણા સમાજવાડી ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઝોન કો-ઓર્ડિનેટર સંત રામ સાહેબ, સંચાલક તેજલબેન ત્રિપાઠી, સહ સંચાલક રશ્મિબેન વ્યાસ અને નીતાબેન ગઢવી દ્વારા ૧૦૦થી વધુ બાળકોને જ્ઞાન સાથે યોગનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન બાળકોને જંક ફૂડથી દૂર રહીને હેલ્થિ ખોરાક અંગેની સમજણ આપવામાં આવી હતી. યોગ સંસ્કાર, સામાજિક ફરજો વિશે બાળકોને સમર કેમ્પમાં અવતગ કરાવવામાં આવ્યા હતા. આ કેમ્પમાં રાજકોટથી મીડિયા ઝોનના કો-ઓર્ડિનેટર શૈલેષભાઈ ટાંક અને ભુજની યોગની ટીમના વિવિધ કોચ એ હાજરી આપીને બાળકોને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. ૧૫ દિવસના સમર કેમ્પને સફળતાપૂર્વક પૂર્ણ કરાનારા તમામ બાળકોને મોમેન્ટો સાથે સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પશ્ચિમ કચ્છ જિલ્લા યોગ કો-ઓર્ડીનેટર સંતરામ આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું છે.

## દેશલસર તળાવમાં જળકુંભી વેલને દૂર કરવા જાગૃત નાગરિકોની માંગ



ભુજ : શહેરમાં આવેલા રાજાશાહી વખતના ઐતિહાસિક દેશલસર તળાવ અનેક વખત વિવાદોમાં આવ્યું છે. આ તળાવમાં ફરી જળકુંભીએ કબ્જો જમાવ્યો છે. અગાઉ મશીનરી દ્વારા પાણી ઉલેચીને જળકુંભીને તળાવમાંથી બહાર કાઢવામાં આવી હતી. પરંતુ ફરી આ જળકુંભી ઉગી નિકળતા જાગૃત નાગરિકોમાં નારાજગી ફેલાઈ છે. આ અંગે જિલ્લા કોંગ્રેસ મંત્રી હાસમ સમાએ જણાવ્યું હતું કે, આગામી જુન મહિનાથી ચોમાસાની ઋતુનું આગમન થઈ રહ્યું છે. ત્યારે ચોમાસા પહેલા નગરપાલિકા તંત્ર દ્વારા દેશલસર તળાવમાંથી જળકુંભી વેલને દૂર કરવામાં આવે, અને હેવી મશીનરી લગાવીને તળાવને ઉંડુ કરવામાં આવે તેવી માંગણી કરી હતી. વધુમાં જણાવ્યું હતું કે, આ તળાવમાં ગટર મિશ્રીત પાણીના કારણે જળકુંભી વેલ ઉગી નિકળે છે. આ ગટરના પાણી ક્યાંથી આવે છે અને આ તળાવમાં શા માટેથી આવી રહ્યા છે તેવા સવાલો કર્યા હતા. સુધરાઈ તંત્રએ તેનું સંશોધન કરીને તાત્કાલિક ધોરણે જળકુંભી વેલનું નિરાકરણ કરવામાં આવે તેવું ઉમેર્યું હતું. તેમણે વર્તમાન શાસકો દેશલસર તળાવની સફાઈ કામગીરીમાં ઉદાસીન વલણ દાખવી રહ્યું છે તેવા આક્ષેપો કર્યા હતા. જો દેશલસર તળાવની સફાઈ કામગીરીમાં અમારી કોઈ જરૂર પડશે તો સહયોગ આપવાની તત્પરતા દર્શાવી હતી.

## સ્મૃતિવનમાં મુલાકાતીઓને વિવિધ પ્રકારની વનસ્પતિ અને જીવજંતુઓ વિશે માહિતી અપાઈ



ભુજ : સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી મિયાવાકી પદ્ધતિ દ્વારા વિકસિત એશિયાના સૌથી મોટા જંગલમાં ફરવા સાથે વિવિધ વનસ્પતિઓની ઓળખ કરવામાં આવી ચેકડેમની મુલાકાત લેવામાં આવી વિવિધ જીવસૃષ્ટિઓ જેમાં અનેક પ્રકારના પતંગિયા, પક્ષીઓ, જીવજંતુઓ, ચેકડેમના, પાણીમાં રહેલ માછલીઓનું નિદર્શન દિનેશભાઈ મચ્છર દ્વારા કરવામાં આવ્યું છે. પધારેલ મહાનુભાવો હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જાણીતા પર્યાવરણવિદ મનોજભાઈ સોલંકી, અખિલેશભાઈ અંતાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વ્યવસ્થા અને આયોજન સ્મૃતિવનના ડાયરેક્ટર મનોજભાઈ પાંડેના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



અશનવ્રતધારી, જૈન સમાજરત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના અધ્યક્ષ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ ભુજ કવીઓ જૈન સંઘ સંચાલીત ભગવાન મુનિસુવ્રત સ્વામી જીનાલય, નવનીત નગર - કોવઈ નગર, ભુજ ખાતે ધ્વજારોહણના લાભાર્થી નિર્મળાબેન કિશોરભાઈ નાગડા પરિવાર દ્વારા કલાત્મક કાપડના વસ્ત્રોની પ્રભુજીની નયનરમ્ય અંગરચના કરવામાં આવી હતી.

## નખત્રાણામાં યોજાયેલ હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પનો ૭૮ દર્દીઓએ લાભ લીધો





નખત્રાણા : લોહાણા મહાજનના સાનિધ્યમાં રામકૃષ્ણ મઢ ભુજ દ્વારા મહાજન વાડી ખાતે હોમિયોપેથીક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૮ દર્દીઓ ભાઈઓ - બહેનોએ કેમ્પનો લાભ લીધો હતો. દર મહિનાના છેલ્લા શનિવારે આ કેમ્પ રહેશે. સવારે ૧૦થી ૧ સુધી ચાલુ રહેશે. હોમિયોપેથીકથી શરીરમાં કોઈ પણ જાતની આડ અસર થતી નથી.૩૫ જુના હઠીલા દર્દો જેને મૂળથી મટાડી શકાયએ કામ હોમિયોપોથી દવા લેવાથી જ થઈ શકે છે. દર્દીઓએ પણ ખાવા પીવાનો ખ્યાલ રાખવું પડે. ટાઈમસર દવા લેવાની અને દર મહિનાના છેલ્લા શનિવારે ડોક્ટર પાસે નખત્રાણા કેમ્પમાં આવવું પડે આ માહિતી આપતા ડો. મનોજ માકાણીએ જણાવ્યું હતું.હોમિયોપેથી કેમ્પમાં કાયમી સહયોગી દાતા સ્વ. સરસ્વતીબેન શિવજીભાઈ આથા પરિવાર તેમજ સ્વ. તારાબેન વનરાજભાઈ કતીરા પરિવાર એમનો સહયોગ મળ્યો છે. કેમ્પનું દીપ પ્રાગટ્ય અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લુ મુકવામાં આવ્યો હતો. કેમ્પમાં ડો. મનોજભાઈ માકાણી, ડો. દિપેશભાઈ ઠક્કર, ડૉ. યશ્વીબેન પરમાર, જાવેદભાઈએ સેવા આપી હતી. નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ જયસુખભાઈ પટેલ, ચંદનસિંહ રાઠોડ, ધીરજભાઈ પટેલ, વસંતભાઈ વાઘેલા વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નખત્રાણા મહાજનના પ્રમુખ રાજેશ પલણ તેમજ આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમના માર્ગદર્શક કેમ્પ યોજવામાં આવ્યો હતો. કેમ્પને સફળ બનાવવા જગદીશભાઈ પલણ, વિશનજીભાઈ પલણ, અશોકભાઈ જોબનપુત્રા, નીતિનભાઈ રાજદે, અનિલભાઈ જોબનપુત્રા, વિરેન્દ્રભાઈ પલણ, રવિભાઈ સચદે વગેરેએ જહેમત ઉઠાવી હતી. સંચાલન મહામંત્રી નીતિનભાઈ ઠક્કરેએ કર્યું હતું.

## કચ્છમાં વિશ્વ તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ



ભુજ : દર વર્ષે તા. ૩૧ મે ના રોજ વિશ્વ તમાકું નિષેધ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના ડેટા મુજબ તમાકુ તેના અડધા વપરાશકર્તાઓને તેની કાર્યકાળની ઉમરમાં જ મારી નાખે છે ભારતમાં તમાકુના કારણે ૧૩.૫ લાખ લોકો દર વર્ષે મૃત્યુ પામે છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન પ્રમાણે વિશ્વ માં દરરોજ ૮૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ બાળકો ધુમ્રપાન કરતાં શીખે છે એમાં ૫૦% બાળકો એશિયાના હોય છે ધુમ્રપાન શરૂ કરવાના અલગ અલગ કારણો હોય છે જેમાં પીયર પ્રેસર, સ્ટ્રેસ, નકારાત્મક રોલ મોડલ અને તમાકુ કંપનીઓની આડકતરી જાહેરતોથી પ્રભાવિતથી થતાં હોય છે.

ગ્લોબલ યૂથ ટોબેકો સર્વે ૨૦૧૯ ગુજરાતની ફેક્ટશીટ પ્રમાણે ૫.૪% વિદ્યાર્થીઓ તમાકુ અને તમાકુની બનાવટના ઉત્પાદનનો ઉપયોગ કરે છે એમા પણ ૬.૩% છોકરાઓ અને ૪.૨% છોકરીઓનું પ્રમાણ જોવા મળે છે તમાકુ છોડવાની વાત કરવામાં આવે તો ૨૦૧૯ ગુજરાત ની ફેક્ટશીટ પ્રમાણે ૫ ાછલા ૧૨ મહિનામાં ૬૩. % વિદ્યાર્થીઓ સ્મોકીંગને છોડવાનો પ્રયત્ન કર્યો છે. કચ્છ જિલ્લાના તમામ આરોગ્ય કેંદ્રો ખાતે વિશ્વ તમાકું નિષેધ દિવસની ઉજવણી કરાવામાં આવી હતી, જેમાં આઇ.ઈ.સી. પ્રચાર પ્રસાર, રેલી, પત્રિકા વિતરણ ગુરુ શીબીર,લઘુ શીબીર, ભિત સુત્રો તેમજ શોશ્યલ મીડીયા દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવેલ. તેમજ આરોગ્ય કર્માચારીઓ અને અધીકારીઓ અને સમાજના વ્યક્તિઓએ તમાકું કે તમકુની બનાવટની વસ્તુઓ નહી ખાવાના શપથ લેવામાં આવ્યા હતા. ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ ભુજ-કચ્છ દ્વારા માન. જિલ્લા વિકાસ અધીકારી ઉત્સવ ગૌતમ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી કચ્છના માર્ગદર્સન હેઠળ જિલ્લા પંચાયતના તમામ અધીકારીઓ અને કર્મચારીઓએ તમાકું કે તમાકુંની બનાવટની કોઈપણ ચિજ વસ્તુ પોતે કે તેના ફેમીલી કે સમાજને તમાકુના દુષણથી મુક્ત રાખવા તેમજ જિલ્લા વિકાસ અધીકારી દ્વારા સુચના આપવામાં આવેલ કે જિલ્લા પંચાયત કેમ્પસમાં કોઈપણ કર્મચારી કે અધીકારી જો તમાકુંનુ સેવન કરશે તો દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## ભુજ લોહાણા મહાજન દ્વારા ૨૧મો દ્રષ્ટિ સેવા કેમ્પ યોજાયો



ભુજ : લોહાણા મહાજન દ્વારા એલએનએમ લાયન્સ હોસ્પિટલ ભુજના સંયુકત ઉપક્રમે સર્વે જ્ઞાતિ માટે દર મહિનાના ચોથા ગુરૂવારે યોજવામાં આવતા નિઃશુલ્ક મોતીયા, વેલ, ઝામર અને ૫ ડદાના ચેકઅપના એકવીસમા કેમ્પનું આયોજન નાનજી સુંદરજી સેજપાલ ભુજ લોહાણા મહાજનવાડી ખાતે કરાયું હતું, જેમાં ભુજ તથા ભુજની આસપ ાસના ગામડામાંથી આવેલ ૧૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. દર મહિને યોજાતા કેમ્પ માં નબળા પડદા ધરાવતા તથા અન્ય આંખના રોગની આધુનિક મશીન દ્વારા દર્દીઓની તપાસણી કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં મોતીયા વેલના ૩ દર્દીઓના ઓપરેશન વિનામુલ્યે ભુજની લાયન્સ હોસ્પિટલ ખાતે કરવામાં આવશે. આંખના નંબર પણ હોસ્પિટલ ખાતે કરી આપ વામાં આવસે. સામાન્ય આંખના દર્દીઓને દવા (આઈ ડ્રોપ્સ) અને ઓપરેશન કરાવનાર દર્દીઓને ૫ દર દિવસની દવા અને કાળા ચશ્મા આપવામાં આવશે.

આ કેમ્પમાં ભુજ લોહાણા મહાજનનાં પ્રમુખ ડો. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠકકર, મંત્રી હીતેશભાઈ ઠકકર, સહમંત્રી સંજયભાઈ ઠકકર, આરોગ્ય સમિતિના ચેરમેન ચેતનભાઈ ઠકકર, હર્ષદભાઈ ઠકકર (હકી), ગોવિંદભાઈ ઠકકર, દિનેશભાઈ દૈયા, જગદીશભાઈ ઠકકર, ધિરજભાઈઈ ઠકકર, દિલીપ ભાઈ ઠકકર, રશ્મિકાંતભાઈ ઠકકર, બાલકૃષ્ણભાઈ ઠકકર, પ્રાણલાલભાઈ ઠકકર તથા આ કેમ્પને સફળ બનાવવા માટે મહાજનના સ્ટાફગણ વ્યવસ્થામાં સાથે રહ્યા હતા. અલ્પાહારની વ્યવસ્થા જગદિશભાઈ ઠકકર તરફથી કરવામાં આવી હતી.

### ટીમ એજ્યુકેશન દ્વારા શિક્ષણપ્રેમી દાતા ભદ્રા દંપતિનું વિશિષ્ઠ સન્માન



પ્રાથમિક શાળાઓના બાળકો માટે હરહંમેશ દાનની સરવાણી વહાવનાર અને કોઈ પણ શૈક્ષણિક કાર્યક્રમમાં પોતાનું યોગદાન આપતા શિક્ષક દંપતિ એવા પ્રવિણભાઈ ભદ્રા તેમજ મીનાબેન ભદ્રાનું જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલા, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉમેશભાઈ રૂઘાણી, શિક્ષણ શાખાના હેડ કલાર્ક ધૃતિબેન મહેતા, રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, જટુભા રાઠોડ, યોગેશ જરદોશ સહિતના આગેવાનો દ્વારા ઢાલ- તલવાર અને સન્માનપત્ર વડે વિશિષ્ટ અભિવાદન કરવામાં આવ્યું હતું અને તેમની ઉત્કૃષ્ઠ સેવાઓને બિરદાવવામાં આવી હતી.

### ભુજ સાહેલી જાયન્ટ્સ ગ્રુપનો સહાનુભૂતિ ભરેલો પ્રયાસ



જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ સાહેલી દ્વારા કાયમી ચાલતા ગાયનેકોલોજી કેમ્પમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ ભુજ સાહેલીના પ્રમુખ વિણાબેન માંડલિયા, મહીલા ઓફીસર મીનાબેન વાઘમસી તથા હેમાલીબેન માંડલિયા હાજર રહ્યા હતા. આ કેમ્પમાં સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. દમયંતીબેન ગણાત્રા તથા ડો.રહીમાબેન ભટ્ટીએ મહિલાઓને મૂંઝવતા સ્ત્રી રોગની નિ:શુલ્ક સારવાર આપી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં મહિલાઓએ લાભ લીધો હતો.

# મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને આવતીકાલે યોજાનારી બેઠકમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે અધિકારીઓને માર્ગદર્શન અપાશે

## અધિકારીઓને જિલ્લા તાલુકાની જવાબદારીઓ સોપાશે

ગાંધીનગર : રાજ્યમાં આગામી ૧૮મી જૂનથી ત્રણ દિવસ માટે યોજાનાર શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અને કન્યા કેળવણી કાર્યક્રમ અંગે આવતીકાલે મુખ્યમંત્રીના અધ્યક્ષ પદે એક મહત્વની બેઠક મળનારી છે જેમાં અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવશે. રાજ્યમાં આજથી નવા શૈક્ષણિક સત્ર નો પ્રારંભ થયો છે ત્યારે આ વર્ષે શાળાઓમાં વધુમાં વધુ બાળકોનું નામાંકન થાય તે માટે આગામી ૧૮મી જૂનથી ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી નો કાર્યક્રમ યોજાનાર છે. આવતીકાલે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અધિકારીઓ સાથે એક મહત્વની બેઠક મળનારી છે જેમાં અધિકારીઓને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગે વધુમાં વધુ બાળકો નું નામાંકન થાય તે માટેના પ્રયાસ કરવા આ ઉપરાંત જે વિસ્તારમાં અધિકારીઓ જાય તે જિલ્લામાં શાળાઓના બિલ્ડીંગ તેમજ આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તા અંગે પણ ફીડબેક મેળવવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત આ બેઠકમાં અધિકારીઓને જિલ્લા તાલુકા ની જવાબદારીઓ સોંપવામાં આવશે. શાળા પ્રવેશો કાર્યક્રમનું બાયસેગ પરથી જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# ભુજમાં એરપોર્ટ રોડ અકસ્માતમાં ડમ્પર ચાલકનું મોત

## આગળ જતા ડમ્પરના ચાલકે બ્રેક મારતા પાછળથી ગાડી ઘૂસી ગઈ





ભુજ : શહેરમાં એરપોર્ટ રોડ પર ભૂતનાથ મહાદેવ મંદિર નજીક અકસ્માતનો બનાવ બન્યો હતો. ગઈકાલે રવિવારે સાંજે સવા છ વાગ્યાના અરસામાં બનાવ પ્રકાશમાં આવ્યો હતો. આગળ જતા ડમ્પર ચાલકે બ્રેક મારતા પાછળથી ગાડી ઘૂસી ગઈ હતી. આ બાબતે જી.કે. જનરલ હોસ્પિટલમાંથી જાણવા મળતી વિગતો મુજબ આ બનાવમાં આશાપુરા નગરના અબ્દુલ ઈબ્રાહીમ નોડે નામના યુવાનને ઈજાઓ થઈ હતી. જેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જોકે, સારવાર દરમિયાન રાત્રે એક વાગ્યાના અરસામાં તેનું મોત થયું હતું. બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. આગળ જતા કોઈ ડમ્પરના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવતું ડમ્પર તેમા ધડાકાભેર ઘૂસી જતા કેબિનનો ફુરચો ઉડી ગયો હતો. ઘટનાસ્થળે ભેગા થયેલા લોકોએ મહામહેનતે યુવાનને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. પરંતુ સારવાર નસીબ થાય તે પહેલા મોત થયું હતું. આ બનાવથી અરેરાટી ફેલાઈ જવા પામી હતી. દરમિયાન બનાવ અંગે એ-ડિવિઝન પોલીસમાં ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસમાંથી મળતી વિગતો મુજબ ફરિયાદી સુલેમાન ઈસમાઈલ નોડેએ ગુનો દાખલ કરાવ્યો હતો. તેમનો ભત્રીજો અબ્દુલ કેરા ગામથી કાકરી ભરી ડમ્પર લઈને ખાવડા ખાલી કરવા ગયો હતો. પરત આવતો હતો ત્યારે આગળ જતા ડમ્પર ચાલકે બ્રેક મારતા ફરિયાદીએ પણ પોતાના ડમ્પરને બ્રેક માર્યા હતા. પરંતુ બ્રેક ફેલ થઈ જતા બ્રેક વાગ્યા ન હતા. જેથી ડમ્પર આગળ જતા ટ્રકના ઠાઠામાં ઘૂસી ગયું હતું. જે અંગે એ-ડિવિઝન પોલીસે ગુનો દાલખ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# એક કા ડબલ કરી આપવાના કેસના આરોપી સામે ગાંધીધામ એ ડીવીઝનની લાલઆંખ



**પકડાયેલ સહ આરોપી**
મામદશા જુસબશા શેખ ઉવ.૪૩ રહે.બાનાની ફળીયુ શેખ ટીંબો અંજાર.

### કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) લોખંડનુ પેપર કાપવા માટેનુ કટર મશીન કિ.રૂ.૫૦૦/- (૨) સફેદ કલરની કોરા પાનાની નોટોના બંડલો નંગ-૨૪ કિ.રૂ.૦૦/૦૦ (૩) નોટો ઉપર કલર કરવા માટેની પીંછી નંગ-૧૩ કિ.રૂ.૦૦/૦૦ (૪) નોટો ઉપર કલર કરવા માટેના કલરના ડબા નંગ-૦૨ કિ.રૂ.૨૦૦/- (૫) વિવો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૫૦૦૦/- (૬) રોકડા રૂ.૭૬૦/- (૭) લાઈટબીલ તથા આધારકાર્ડ કિ.રૂ.૦૦/૦૦ એમ કુલ્લે કિ.રૂ.૬,૪૬૦/-

ગાંધીધામ : એકના ડબલ કરી આપવાની લાલચ આપી છેતરપીંડી કરનાર આરોપીઓ વિરૂદ્ધમા "સંગઠીત અપરાધ" અને ગુન્હાહિત કાવતરાની કલમો ઉમેરી ગુન્હામા સંડોવાયેલ અન્ય આરોપીની ધરપકડ કરી ખોટી નોટોના બંડલ બનાવવામા વપરાતા સાધનો કબ્જે કરી ગાંધીધામ એ ડિવીઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોડીયા સાહેબ સરહદી રેન્જ,ભુજ-કચ્છ નાઓએ તથા પોલીસ અધિક્ષક શ્રી સાગર બાગમાર પૂર્વ-કચ્છ ગાંધીધામ નાઓએ જીલ્લામાં શરરિ સબંધી/મિલ્કત સબંધી/છેતરપીંડીના ગુન્હાઓ આચરતા ઈસમો ઉપર જરૂરી વોચ રાખી અને અવારનવાર ગુન્હા આચરતા ઇસમો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમો તળે યોગ્ય કાર્યવાહી કરવા તથા ગુજરાત સરકાર શ્રી દ્વારા સમયાંતરે બનાવેલ અલગ-અલગ કાયદા બનાવવામા આવેલ હોય જે મુજબ આવા આરોપીઓ વિદ્ધ જરૂરી કાયદાકીય પગલા લઇ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક શ્રી મુકેશ ચૌધરી સાહેબ અંજાર વિભાગ અંજાર નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.ચૌધરી ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંગઠીત અપરાધ કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવી ગુનાહિત ટોળકી બનાવી એકબીજા સાથે મેળાપીપણું કરી સાથે મળી ગુન્હા આચરતા હોય તેવી સંગઠીત ટોળકીના સભ્યો વિરૂધ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવા જરૂરી સુચના તથા માર્ગદર્શન મળેલ હોય તેમજ અત્રેના ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૯૯૩૦૦૬૨૫૦૭૫૯ / ૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા એક્ટ-૨૦૨૩ ની કલમ-૩૧૬(૨),૩૧૮(૪) મુજબનો ગુન્હો બનવા પામેલ અને સદર ગુના કામેના આરોપીઓના ગુનાહિત ઈતીહાસ ચેક કરતા આરોપીઓ વિરુદ્ધ અગાઉ ગુન્હા દાખલ થયેલ હોવાની હકિકત જણાઈ આવતા તે સંગઠીત અપરાધને પ્રોત્સાહન આપી સંગઠીત ગુનો કરવાની તથા કાવતરૂ કરવાની ટેવ વાળો હોવાની હકીકત તપાસ દરમ્યાન જણાઈ આવેલ. જે બાબતે મજકુર આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૧૧૧, ૬૧ (૧) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટ ગાંધીધામ ખાતે રજુ કરી દિન-૦૩ ના રિમાંડ મેળવવામા આવેલ અને તપાસ દરમ્યાન ફરિયાદીનો ગયેલ તમામ મુદ્દામાલ રિકવર કરી સહ આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ખોટી નોટોના બંડલના કોરા કાગળો તથા કાગળો કટીંગ કરવાનો મુદ્દામાલ કબ્જે કરવામા આવેલ છે.

# ભુજ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણી જંગનો ગરમાવો

ભુજ : ગ્રામ પંચાયતની ચૂંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે આજે ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઉમેદવારી પત્રક દાખલ કરવા ધસારો જોવા મળ્યો હતો. ભુજ ગ્રામ્યમાં ૨૯ પંચાયતની સામાન્ય, ૧ પંચાયતની મધ્યસત્ર અને ૨ પંચાયતની વિભાજન ચૂંટણી યોજાઈ છે. આ ઉપરાંત ૩૬ બેઠકોની પેટા ચૂંટણી યોજાઈ છે. ભુજ શહેર વિસ્તારમાં ત્રણ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાઈ છે.

ભુજ તાલુકા પંચાયત કચેરી ખાતે આજે ઉમેદવારીપત્રક દાખલ કરવા ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો હતો. મિરજાપર ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ત્રણ ફોર્મ રજૂ થયા હતા. સામત્રા ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટે બે ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. નારાણપર પસાયતી ગ્રામ પંચાયતના સરપંચ પદની પેટા ચૂંટણીમાં મંજુલાબેન પ્રવીણભાઈએ ઉમેદવારી નોધાવી હતી. પધ્ધર ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે રાજેશભાઈ આહિરે આઠ સભ્યોની પેનલ સાથે ઉમેદવારીપત્રક રજુ કર્યુ હતું. મિરજાપર ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે ચાવડા રતિલાલે પોતાની દાવેદારી નોંધાવી હતી.



પદ્ધર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ પદ માટે રાજેશભાઈ ખુંગલાએ ગામના આગેવાનો અને સમર્થકોની ઉપસ્થિતિમાં પોતાનું નામાંકન પત્ર દાખલ કર્યું હતું.

# માંડવી તાલુકા ની ૧૭ ગ્રામ પંચાયત સરપંચ અને ૫૬ ગ્રામ પંચાયતના સભ્યો માટે ફોર્મ ભરાયા

માંડવી : તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ ફોર્મ ભરવાના અંતિમ દિવસે જોવા મળ્યું હતું. માંડવી તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી ખાતે સરપંચ પદ અને સદસ્યોના ઉમેદવારી પત્રો ભરવા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટ્યા હતા. માંડવી તાલુકાની ૧૭ ગ્રામ પંચાયતના સરપંચો અને ૫૬ જેટલા ગ્રામ પંચાયતના સદસ્યો માટે આજે અંતિમ દિવસે દાવેદારી નોંધાવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી રાબેતા મુજબ યોજાનાર છે જ્યારે બે ગ્રામ પંચાયતો મેરાઉ અને શેરડી ગ્રામ પંચાયત અવિશ્વાસની દરખાસ્તના પગલે વિસર્જન થતા માંડવી તાલુકાની ૧૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. માંડવી તાલુકા ની કોડાય, બાયઠ, ડેઢીયા, કોજાચોરા, મોટા લાયજા, ગાંધીગ્રામ, દુર્ગાપુર, નાગલપર, નાના ભાડિયા, નાની ખાખર, પોલડીયા, મોટા આસંબીયા, મોટી ઉનડોઠ, હાલાપર, મોટી સાભરાઈ તેમજ મેરાઉ અને શેરડી ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે ત્યારે વિવિધ ગામડાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યું હતું.









# રાપર ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે અંતિમ દિવસે ફોર્મ ભરવા ધસારો



રાપર : આજે કચ્છમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે રાપર મામલતદાર કચેરી તેમજ તાલુકા પંચાયત કચેરી ખાતે ફોર્મ ભરવા માટે ઉમેદવારો, રાજકીય આગેવાનો અને સમર્થકોનો ધસારો જોવા મળ્યો હતો. આગેવાનો પોત પોતાના ગામની ચૂંટણી માટે ફોર્મ ભરવા આવી પહોંચ્યા હતા. રાપર શહેરના માર્ગો લોકોથી ઉભરાઈ રહ્યા હતા. બંને કચેરીએ ફોર્મ ભરવા ભારે ધસારો જોવા મળ્યો હતો.

# ભુજ આરટીઓમાં સવારથી પરીક્ષા આપવા આવેલા અરજદારો પરેશાન

ભુજ : આજે ઉઘડતા દિવસે ભુજની આરટીઓ કચેરીમાં ડ્રાઈવીંગ લાયસન્સની પરીક્ષા આપવા આવેલા અરજદારો પરેશાન થયા હતા. વિવિધ વિસ્તારોમાંથી અગાઉથી એપોઈન્ટમેન્ટ મેળવી અરજદારો દસ વાગ્યે પહોંચી આવ્યા હતા. જો કે સાડા બાર વાગ્યા સુધી પરીક્ષા લેવાઈ ન હતી. તમામ પુરાવાઓ હોવા છતાં માય આધારમાં ફરીથી ડોકયુમેન્ટ ડાઉનલોડ કરવા કહેવાયું હતું. કેટલાક અરજદારો અભણ હતા જેઓ પાસે સ્માર્ટ ફોન પણ નહોતા, તેઓ કઈ રીતે ડાઉનલોડ કરે તે સવાલ ઉઠયો હતો. અનેક અરજદારો પરેશાન થઈ ઉઠયા હતા. ખરેખર આરટીઓમાં અરજદારોને સરળતા થાય તે પ્રમાણે કામગીરી કરવી જોઈએ. પરંતુ અહીં હાલાકીમાં મુકી દેવામાં આવતા નારાજગી ફેલાઈ હતી.

# રાપરમાં છરી વડે હુમલો કરી યુવાનની હત્યાનો પ્રયાસ : ૯ સામે ગુનો નોંધાયો

રાપર : શહેરમાં એસટી બસ સ્ટેશનની સામે ગઈકાલે સાંજે છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે નવ લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદી રાહુલ અમરશીભાઈ કોલીના જણાવ્યા પ્રમાણે દોઢ વર્ષ પહેલા આરોપીઓના મોટા બાપાની દિકરી સાથે પ્રેમ લગ્ન કર્યા હોઈ તે વાતનું મનદુઃખ રાખી આ હુમલો કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ ઈન્સ્ટાગ્રામ પર આરોપીને ભૂલથી વીડીયો મોકલતા ગાળો આપી, બસ સ્ટેશન પાસે બોલાવી ફરિયાદી તેમજ ઈજા પામનાર દિનેશ રામજી કોલી પર હુમલો કર્યો હતો. આરોપીઓ અલગ અલગ બાઈકોમાં આવ્યા અને મંડળી બનાવી ફરિયાદીને માથામાં ધોકો મારવા સાથે છરી વડે હુમલો કર્યો હતો.

તેમજ દિનેશને જાનથી મારી નાખવાના ઈરાદે છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓ મનફાવે તેમ ઘા માર્યા હતા. દિનેશ હાલ બેભાન હાલતમાં સારવાર તળે છે. બનાવ અંગે ભાવેશ હીરા સુરાણી કોલી, અશોક હીરા સુરાણી કોલી, નીલેશ હીરા સુરાણી કોલી, રાહુલ હીરા સુરાણી કોલી, જય બાવાજી, સચીન જેસા કોલી, સાજણ કારૂ કોલી, ભરત રામજી કોલી, સાહીલ હબીબ રાયમા સામે રાપર પોલીસમાં હત્યાના પ્રયાસ સહિતની કલમો તળે ગુનો દાખલ થતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભચાઉમાં નર્મદા કેનાલમાં હાથ ધોવા ગયેલા કિશોરનું ડૂબી જવાથી મોત

**રવિવારે સાંજે મિત્રો ફરવા ગયા હતા : નાસ્તો કરી હાથ ધોવા જતા બન્યો બનાવ**



ભુજ : ભચાઉ નજીક લોધેશ્વર વિસ્તારમાં નર્મદા કેનાલમાં ડૂબી જવાથી કિશોરનું મોત થયું હતું. રવિવારે સાંજે મિત્રો સાથે ફરવા ગયેલા ૧૭ વર્ષીય ધૈર્ય મયૂર જોશીનું કેનાલમાં ડૂબી જવાથી મોત થયું છે.

ધૈર્ય પોતાના મિત્રો સાથે લોધેશ્વર નજીકના નર્મદા સંપ હાઉસ પાસે ફરવા ગયો હતો. નાસ્તો કર્યા બાદ તે કેનાલમાં હાથ ધોવા ગયો ત્યારે અચાનક કેનાલના વહેતા પાણીમાં પડી ગયો હતો સાથે રહેલા મિત્રોએ તરત જ ઘરે જાણ કરી અને સ્થાનિક તંત્રને વાકેફ કરતા ફાયર વિભાગની ટીમે રેસ્ક્યુ ઓપરેશન કર્યું હતું પણ લાંબી શોધખોળ બાદ રાત્રે ૨ વાગ્યાના સુમારે કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. કચ્છની જીવાદોરી સમાન નર્મદા કેનાલમાં આ પ્રકારની ઘટના અવારનવાર સામે આવે છે. આ બનાવથી શોકની લાગણી છવાઈ ગઈ છે. બનાવની જાણ થતાં ભચાઉ નગરપાલિકાના ફાયર વિભાગના પ્રવિણ દાફડા, કુલદીપભાઈ, શક્તિસિંહ, મયુર રામાનંદી, આરતી કંપનીના રામસંગજી ઝાલા, બળદેવભાઈ તેમજ સ્થાનિક તરવૈયાઓ ઘટના સ્થળે રેસ્ક્યુની કામગીરી માટે દોડી ગયા હતા.

# પહેલા પાનાથી... પેટાચૂંટણીનો જંગ





કોઈ વચન આપે તેને પુરા કરવાની જવાબદારી ભાજપ લે છે. આ તબક્કે સીઆર પાટીલે કેજરીવાલનું નામ લીધા વિના પ્રહારો કર્યા હતા. તેઓએ ક્હયુ હતુ કે, દિલ્હીવાળાઓની ગત વિધાનસભામાં અહી ડીપોજિટ જપ્ત થવા પામી હતી. વિસાવદર બેઠક પર ભાજપના ઉમેદવાર કિરીટભાઈ પટેલ ને જંગી બહુમતીથી જીતાડવા માટે વિસાવદરના મતદારોને અપીલ કરતાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બેઠક પર ભાજપના ઉમેદવાર જંગી લીડથી જીતશે. વિસાવદર ના ભેંસાણ ખાતે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલના સમર્થનમાં યોજાયેલ જન સભાને સંબોધતા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર.પાટીલે જણાવ્યું હતું કે કોઈ એવું માનતું હોય કે વિસાવદર બેઠક અઘરી છે જીતી શકાય એમ નથી તો એ વાત કાઢી નાખજો આ બેઠક પર ભાજપ જંગી મત થી જીતશે અને પછી કાયમ માટે આ બેઠક પર ભાજપ જ જીતતું રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ભેસાણ ખાતે ભાજપના ઉમેદવાર કિરીટ પટેલના સમર્થનમાં યોજાયેલ જનસભામાં રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ, પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડા ધારાસભ્ય જયેશ રાદડિયા સહિતના નેતાઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.વિસાવદર બેઠકની પેટા ચૂંટણી ભાજપ માટે પ્રતિષ્ઠા નો જંગ બની છે . વિસાવદર બેઠક પર ભાજપના કિરીટ પટેલ આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયા અને કોંગ્રેસના નીતિન રાણપરીયા વચ્ચે મુખ્ય જંગ છે. ભાજપ આપ અને કોંગ્રેસના ઉમેદવારો મજબૂત હોય આ બેઠક પર રસાકસી ભર્યો જંગ જામ્યો છે. વિસાવદર બેઠક પર ભાજપે ચૂંટણી પ્રચાર માટે ભાજપના પ્રદેશના સિનિયર નેતાઓ તેમજ સિનિયર મંત્રીઓને મેદાનમાં ઉતાર્યા છે. પરંતુ વિસાવદર બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠા નો જંગ હોય આ વખતે આ બેઠક જીતવા માટે ભાજપ કોઈપણ કસર છોડવા માગતું નથી. આથી હવે ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ ખુદ ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતર્યા છે. સી.આર.પાટીલે બે દિવસ પહેલા જ સુરત માં વસતા વિસાવદરના પ્રજાજનોનું એક મોટું સંમેલન યોજયું હતું અને તેમાં ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને પણ ઉપસ્થિત રાખવામાં આવ્યા હતા અને સુરતમાં વસતા વિસાવદરના મતદારોને વિસાવદર ની બેઠક જીતાડીને ભાજપના ખોળા માં આપવા માટેની અપીલ કરી હતી. સુરતમાં સંમેલન બાદ હવે આજે સી.આર.પાટીલ વિસાવદર વિધાનસભા બેઠક પર ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. આજે વિસાવદરમાં જન સભાઓને સંબોધીને ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને જીતાડવા માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો. વિસાવદર બાદ તેઓ સાંજે કડી ખાતે પણ ચૂંટણી પ્રચાર માટે જવાના છે.

# પહેલા પાનાથી...

### મોદી હે તો

નવી મિશાલ રજુ કરી છે. આ સરકાર ભવિષ્યને જોઈને ચાલે છે. ભવિષ્યમાં દેશને કેવી રીતે આપણે આગળ લઈ જવા માંગીએ છીએ તે વિચારધારા ધરાવી રહી છે. અને એટલે જ આપણે વિકસિત ભારતનો બેઝ બનાવી બેઠા છીએ. ૧૧ વર્ષમાં આ સરકારે અકલ્પનીય કામો કર્યા છે. ૧૧ વર્ષમાં દેશમાં અનેક બદલાવ આવ્યા છે. જો હું મોદીજીના શબ્દોમાં કહ્યુ તો આ દાયકો ભારતના વિકાસનો સુવર્ણ કાળ બનશે. મોદી સરકાર વિકાસ માટે કામ કરે છે. ૧૧ વર્ષમાં દેશમાં અનેક બદલવા આવ્યા છે.

### ગુજરાત હાઇકોર્ટના

શ્રીનિવાસન સંજય ગૌડાને ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લેવડાવ્યા હતા. ગુજરાત હાઈકોર્ટની ફર્સ્ટ કોર્ટમાં યોજાયેલા આ શપથગ્રહણ સમારંભમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલભાઈ ત્રિવેદી સહિત વરિષ્ઠ વકીલો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી જસ્ટિસ નેરનહલ્લી શ્રીનિવાસન સંજય ગૌડાને ભારતના માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### બેંગ્લુરૂ દુર્ઘટના

બરતરફ કરવાની માંગણી કરી છે. પરંતુ સિધ્ધરમૈયાએ બચાવ કરતા કહ્યું કે સરકારે ખોટુ કંઇ કર્યુ નથી. તેઓએ મહાકુંભ સમયે થયેલી ભાગદોડ અને જે રીતે ૩૦થી વધુ લોકોના મોત થયા હતા. તે સમયે કોઇએ રાજીનામુ આપ્યું હતું તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો અને એ પણ કહ્યું કે, બપોરે ૩.૫૦ કલાકે હોસ્પિટલમાં મૃતદેહો પહોંચ્યા હતા પરંતુ બેંગ્લોરના પોલીસ કમિશ્નરે મને જાણ કરવાની પણ ચિંતા કરી ન હતી. આ ઘટનાના પગલે પોલીસ કમિશ્નર ઉપરાંત મુખ્યમંત્રીના રાષ્ટ્રીય સલાહકાર ગોવિંદ રાજુ અને એડીશ્નલ ડીજીપી હેમંત લીંબાકરને પણ હોદા પરથી દુર કરવામાં આવ્યા છે. જોકે ભાજપે હજુ સુધી આ મુદે સિધ્ધરમૈયાને કલીનચીટ આપવાનો ઈક્રાર કર્યો છે. જણાવ્યું હતું કે, સરકારે જવાબદારી લેવી જોઇએ. બીજી તરફ પોલીસે રાજ્ય સરકારને અગાઉ જ એવી જાણ કરી હતી કે બેંગ્લુરૂમાં ૩ થી ૪ લાખ ક્રિકેટ ચાહકો ઉમટશે તેવી શકયતા હતી. તે રાજ્ય સરકારને અગાઉથી જાણ કરાઇ હતી.

### નવા શૈક્ષણિક

બાળકો અને વિદ્યાર્થીઓ રમતા શાળા ના મેદાનો વિદ્યાર્થીઓના શોરબકોર થી ગુંજી ઉઠયા હતા. આજથી શાળાઓ શરૂ થવાની હતી આથી શાળા સંચાલકો અને શિક્ષણ કર્મીઓએ નવા શૈક્ષણિક વર્ષ માટે શાળાઓમાં તમામ વ્યવસ્થાઓ કરી દીધી હતી વર્ગખંડોની સફાઈ કરવામાં આવી હતી તેમજ વર્ગખંડોની અંદર બેન્ચની ગોઠવણી પણ વ્યવસ્થિત રીતે કરી દેવામાં આવી હતી.

### ગુજરાતમાં કોરોનાનો

પુરુષ નો સમાવેશ થાય છે. આ તમામ ને હોમ આઈસોલેસન માં રાખવામાં આવ્યાં છે. શહેર માં હાલ ની સ્થિત એ કુલ ૪૭ એક્ટિવ કેસ છે.જ્યારે ગ્રામ્ય વિસ્તાર માં પણ કોઈ કેસ નોંધાયો નથી.જામનગર શહેર માં કોરોના ના કેસ ની ગતિ બેકાબૂ બની છે.કેસ.ની સંખ્યા સતત વધી રહી છે. જામનગર ના શહેરી વિસ્તાર માં આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે.જેમાં ડેન્ટલ કોલેજ ની હોસ્ટેલ માં રહેતા બે તબીબી વિદ્યાર્થીઓ નો સમાવેશ થાય છે.નોંધાયા છે. ભાવનગરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ભાવનગર શહેરના આંબાવાડી વિસ્તારમાંથી ૫૫ વર્ષીય પુરુષ,આંબાવાડી વિસ્તારમાંથી ૪૫ વર્ષીય સ્ત્રી,આંબાવાડી વિસ્તારમાંથી ૬૭ વર્ષીય વૃદ્ધ,વિદ્યાનગરમાંથી ૭૦ વર્ષીય વૃદ્ધા અને અનંતવાડીમાંથી ૨૪ વર્ષીય યુવાન સહિત કુલ ૫ વ્યક્તિઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવેલ છે.હવે ભાવનગરમાં કોરોના ના કુલ ૨૩ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## નખત્રાણા આધારકાર્ડ ઓફિસમાં પીસાતા લોકો



આધારકાર્ડ અપડેટ કરવા માટે નખત્રાણા આધારકાર્ડ ઓફિસમાં સ્ટાફના અભાવે દરરોજના ૪૫ કુપન લેવાય છે અને અપડેટ માટે જેટલા આવે છે ત્યારે ૫૫ જેટલા લોકોને રિટર્ન જવાનો વારો આવે છે. કાળજાળ ગરમીમાં વૃધ્ધ, મહિલા સહિતના લોકોને કલાકો રઝડ પટી કરવી પડી રહી છે. વારંવારની આધારકાર્ડ માટેની રજૂઆતો છતાં પણ તંત્ર દ્વારા કાંઈ જ ઘટતું કરવામાં આવતું નથી. જેથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## શાળાઓ ભૂલકાઓનો કલરવથી ગાજી ઉઠી



શાળા ખુલતાની સાથે જ નખત્રાણાની શાળાઓમાં નાના ભૂલકાઓનો ગાજી ઉઠ્યો હતો. નખત્રાણા પ્રાથમિક કુમાર શાળા મુદ્દે શાળાના પ્રથમ દિને વાલીઓ તેમજ શિક્ષકો દ્વારા ભૂલકાંઓને તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

# કચ્છની ૨૫૦૦ શાળાઓ બાળકોના કલરવથી ગુંજી ઉઠી







## ૪૫ દિવસ લાંબું ઉનાળુ વેકેશન પૂર્ણ થતા નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

ભુજ : કચ્છ સહિત રાજ્યમાં ૪૫ દિવસ લાંબું ઉનાળુ વેકેશન આજે પૂર્ણ થતા શાળાઓ ફરી બાળકોના કલસોરથી ગાજી ઉઠી હતી. આજથી પ્રાથમિકથી માંડી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થયો છે.

આજે સવારે કચ્છના શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બાળકો શાળાએ જવા નિકળ્યા હતા. લાંબા સમયે સ્કુલમાં પહોચતા બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. માર્ગો પર શાળાની રીક્ષાઓ અને બસોનો ટ્રાફીક ફરી જોવા મળ્યો હતો.

કચ્છની સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આજથી નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતથી શાળાઓ શરૂ થઈ છે.

આજે તમામ શાળાઓના કેમ્પસમાં બાળકોનો કલરવ ગુંજી ઉઠયો હતો.

શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ વખત શાળાએ જતા બાળકોને સ્કુલ સુધી પહોંચાડવા વાલીઓ પહોંચ્યા હતા.

શિક્ષણ બોર્ડે નવા વર્ષનું એકેડેમિક કેલેન્ડર જાહેર કરી દીધું છે. જે અનુસાર પ્રથમ સત્રમાં ૧૦૫ દિવસો અભ્યાસના રહેશે. ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. બીજા સત્રની શરૂઆત ૬ નવેમ્બરથી થશે. બીજા સત્રમાં ૧૪૪ દિવસનું શૈક્ષણિક કાર્ય રહેશે. ૪ મેથી ૭ જૂન ૨૦૨૬ સુધી ઉનાળુ વેકેશન રહેશે.

# માધાપર જખ બૌંતેરા સંઘ દ્વારા જખદાદા લગ્નઆશિષ યોજના અંતગર્ત ચોથા લગ્ન યોજાયા

ભુજ : શહેરની સમીપે આવેલ માધાપરમાં માધાપર જખ બૌતેરા સંઘ સંચાલીત ૧૫૦ થી ૨૦૦ વર્ષ જુના પૌરાણીક જખ મંદિરમાં દર્શન કરવા માટે સમગ્ર કચ્છમાંથી અને કચ્છ બહારથી પણ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ દર્શન કરવા આવે છે અને શ્રધ્ધા અને ભકિતભાવ પૂવર્ક જખદાદાની સેવા અને પુજન અર્ચન કરે છે. ખુબ જ ટુંકા ગાળામાં હરણફાળ ભરતી આ સંસ્થા દ્વારા અનેકવિધ સેવાકીય કાર્યો નાત જાતના ભેદભાવ વગર કરવામાં આવે છે. જેનો જરૂરતમંદ લોકો બહોળી સંખ્યામાં લાભ લે છે.

માધાપર જખ બૌતેરા સંઘ દ્વારા સામાજિક દાયિત્વ નિભાવવાના હેતુસર હિન્દુ સમાજના સામાન્ય ઘરના પરિવારો પોતાની વ્હાલસોયી દિકરીના લગ્ન માટે વ્યાજે રૂપિયા લેવા ના પડે અને દીકરીના વડીલો માનભેર પોતાની દીકરીના લગ્ન કરી શકે તે માટે જખદાદાના લગ્નઆશિષ યોજના થોડાક સમય પહેલા શરૂ કરવામાં આવી છે. આ યોજનાથી પ્રેરાહીને માધાપર હાલે લંડન નિવાશી દાતા રતનબેન રમેશભાઈ ભુડિયા હસ્તે રામજીભાઈ મનજીભાઈ હાલાઈ (માધાપર)ના આર્થિક સહકારથી ચોથા લગ્ન (કલ્યાણપર હાલે મિરઝાપર) નિવાસી મોહનભાઈ પરબત ચારણની દીકરી અસ્મિતા સંગે અમદાવાદ નિવાસી ગોપાલભાઈ હાલજીભાઈ ચારણના પુત્ર વિજયકુમાર સંગાથે જખમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને દાતાઓ તથા સાજન માજનની વિશાળ ઉપસ્થિતિમાં યોજાયા હતા. આ વિશે વધુ માહિતી આપતા માધાપર જખબૌતેરા સંઘના મેનેજીંગ ટ્રસ્ટી નરેશભાઈ શાહે જણાવ્યું હતું કે, આજથી ૧૫ વર્ષ પહેલા અમારા વડીલ મુરબ્બી અનશનવ્રતધારી, જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશી છેડાની પ્રેરણાથી ક.વી.ઓ. જૈન મહાજવન ભુજ દ્વારા શરૂ કરવામાં આવેલું મહાજનનું મામેરૂ યોજનાથી પ્રેરીત થઈ અમારા ટ્રસ્ટ દ્વારા ચાર મહિના અગાઉ જખ દાદાના લગ્નઆશિષ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતગર્ત સંસ્થા દ્વારા લગ્ન માટે હોલ, વર-વધુને તૈયાર થવા માટે ૨ રૂમ, ચોરી-મંડપ, મારાજ, બંને પક્ષે ૧૫૦ જણા માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. કોઈ પણ હિન્દુ સમાજના પરિવારજનો આ યોજના અંતગર્ત પોતાની દિકરીના લગ્ન કરાવી મોંઘા લગ્નની ચિંતામાંથી મુકિત મેળવી શકે છે. આ યોજનાનો લાભ લેવા માટે સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા જણાવ્યું હતું.



આ ઉપરાંત સંસ્થા દ્વારા દરરોજ ગાયોને ધાસચારો, કબુતરને ચણ, કુતરાને રોટલા આપવામાં આવે છે. કોઈ પણ જ્ઞાતિના લોકો માટે સાદડી-બેસણા માટે સંસ્થા દ્વારા નિઃશુલ્ક હોલ આપવામાં આવે છે. સાથે સાથે બાળકો માટે બગીચાની સુંદર વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેમજ ક.વી.ઓ. સમાજના વડીલો માટે માવતરનો મેળો યોજના શરૂ કરવામાં આવી છે અને બહારથી કચ્છ ફરવા આવતા લોકાના ઉતારા માટે સ્વચ્છ અને સુંદર આધુનિક સુવિધાઓથી સુસજ્જ રાહત ભાવે અતિથી ગૃહની પણ સગવડ કરવામાં આવી છે. જખ દાદાના દર્શનાર્થે આવતા યાત્રિકોને શુદ્ધ સાત્વીક વ્યાજબી ભાવે ભોજન મળે તે માટે અમારી સંસ્થા દ્વારા 'કે.કે.શાહ ભોજનાલય' લોકોની સેવામાં ખુલ્લી મુકવામાં આવી છે. અવાર-નવાર વિના મુલ્યે મેડીકલ કેમ્પો તેમજ અન્ય સામાજીક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. વિકલાંગ બાળકો માટે રહેવાની તથા જમવાની સગવડ અત્યંત રાહત દરે કરી આપવામાં આવે છે. રાષ્ટ્રહિતની લાગણીને ધ્યાનમાં લઈને આપણા દેશની રક્ષા કરતા વીર જવાનો પોતાના પરિવારજનો સાથે કચ્છ પધારે ત્યારે તેમના રહેવાની અને જવાની સગવડ વિનામુલ્યે કરી આપવામાં આવે છે

આ લગ્નોત્સવ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી નરેશભાઈ શાહ, દાતા રતનબેન રમેશભાઈ ભુડિયાલ સંસ્થાના કર્મયોગી પ્રવીણભાઈ સોની, હિતેશભાઈ ગજ્જર વગેરે ઉપસ્થિત રહી નવદંપતિને ભેટ સોગાદ તથા સુખી લગ્નજીવનની શુભકામનાઓ પાઠવી હતી. જખ દાદા મંદિરમાં ખુબ જ ટુંકા સમયમાં અનેક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી અને મંદિરને તિર્થધામની ઉપમા આપીને સુશોભીત કરવામાં સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રવીણભાઈ નંદુ, ચીમનભાઈ ગમારા, નરેશભાઈ શાહ, અંજુબેન શાહ વગેરે જહેમત ઉઠાવીને લોક ઉપયોગી કાર્યો કરવામાં હંમેશા ચિંતીત હોય છે.

**ગઢશીશા વિસ્તાર પ્રા. શાળાઓમાં વેકેશન પૂર્ણ થતાં**

# શાળાઓના પ્રાંગણ ભૂલકાંઓના કિલકિલાટથી ગુંજી ઉઠ્યા

**જુનમાં ૧૫, ૧૬, ૧૭ના શાળા પ્રવેશોત્સવની જોવા મળી રહ્યો છે ધમધમાટ: પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિધિવત પ્રવેશ અપાવવા વહિવટીતંત્રો બની રહ્યા છે સજ્જ**



ગઢશીશા : કચ્છમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં નવા શૈક્ષણિક સત્રનો શાળાઓ ખુલતાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. એક મહિના બાદ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં અને સ્કૂલો આજથી શરૂ થતાં વાલીઓના ઉત્સાહ વચ્ચે શાળા પટાંગણો બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠ્યા હતા.

ગઢશીશા વિસ્તારમાં તમામ સ્કૂલોમાં અનેરો ઉત્સાહ જોવા મળવાની સાથે ગઢશીશા વથાણચોક સમીપે આવેલી કન્યાશાળામાં વાલીઓ સાથે શૈક્ષણિક સ્ટાફમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. આ તકે કન્યા શાળાના આચાર્ય જાસ્તિમનબેન ગોસ્વામીએ શૈક્ષણિક સ્ટાફ અને વાલીઓના ઉત્સાહને વધાવ્યો હતો. શિક્ષક ધનજીભાઈ ચંદે, કાનજીભાઈ મહેશ્વરી, રિન્કુબેન સેંઘાણી, સુનિતાબેન ભગત, જીજ્ઞાસાબેન કનેરિયા, ચિરાગભાઈ સેસરિયા, કાજલબેન બામણિયા, દિનેશભાઈ ચંદે તેમજ એસએમસીના સભ્યો, શાળા ખુલ્લાના પ્રારંભે ઉત્સાહ દર્શાવ્યો હતો. ગઢશીશા નવસર્જન સ્કૂલના નીતાબેન આચાર્યે શાળા એસએમસીનું સો ટકા પરિણામ લાવવામાં સફળ રહેતી હોઈ શાળા પરિવાર, વાલીઓનો સહયોગ બદલ અભિનંદન પાઠવ્યા હતા. સંભવતઃ જુનની ૧૫, ૧૬, ૧૭ના જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવશે તેવું જિલ્લા પં. સા.ન્યા. સમિતિના પૂર્વ ચેરમેન કેશવજી રોશિયાએ જણાવ્યું હતું.

**મુંદરા પંથકની શાળાઓ ગાજી ઉઠી**



સતત ૪૫ દિવસના વેકેશન બાદ આજથી શાળાઓનો પ્રારંભ થયો છે, ત્યારે ભુજપુર દરબારી શાળાના ભુલકાઓ હોંસે.. હોંસે શાળામાં સવારના આવવાનું પ્રારંભ કર્યો હતો. તો કેટલાક બાળકો શાળામાં પગ મુકતા જ પાછા ઘર તરફ રડતા રડતા જતા જોવા મળ્યા હતા. પણ માતા - બહેનોએ બાળકોને મુકી જતા નાના બાળકો હોબળો તથા રમતા રમતા શાળા પ્રવેશ કરતા જોવા મળ્યા હતા.

# ભુજમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ

ભુજ : શહેરના પાંચ નાકા છઠ્ઠીબારી અને ચારે રિલોકેશન સાઈડમાં ૧૬મી મેના રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી મચ્છરજન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. સ્લમ વિસ્તાર તેમજ અન્ય વિસ્તારોમાં ભુજ અર્બન ઓફિસ દ્વારા મળેલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડેન્ગ્યુને અટકાવવા માટે આરોગ્યતંત્ર જ્યારે ઘેર ઘેર સર્વે કરવા આવે ત્યારે તેને સહયોગ આપવા પણ અપીલ કરવામાં આવી હતી. દરમિયાન ભુજની અર્બન ઓફિસના મેડિકલ ઓફિસર વૈશાલીબેન ડાભી, શિવદતભાઈ ચુડાસમા અને તેમની ટીમે પણ સહયોગ આપ્યો હતો.

# દેવપુર (ગઢ) માલધારી સમાજના ગૌરવને વધાવાયું

**તાલીમ પૂર્ણ કરી વતન આવતા વિવિધ સમાજો દ્વારા કરાયું સન્માન : ભવ્ય સામૈયું કરાયું : દેશ માટે નિષ્ઠાપૂર્વક ફરવદક્ષતા બતાવવા કટિબદ્ધતા વ્યક્ત કરતા આર્મી જવાન વાછિયાભાઈ રબારી**





ગઢશીશા : દેશની સરહદે મા ભોમની રક્ષા કાજે ન્યોછાવર થવાની ભાવના સાથે સરહદનું રખોપુ કરતા મા ભોના રક્ષક એવા ફોજી જવાનો માટે લાગણી અને ગર્વનો લોક જુવાર ઉભરી રહ્યો છે. ત્યારે દેવપુર (ગઢ) ગામે વધુ એક જવાન આર્મીમાં જોડાઈ તાલીમ પૂર્ણ કરી માદરે વતન આવી પહોંચતા ગામમાં દેશભક્તિનો માહોલ છવાયો હતો. તો વિશેષ માલધારી સમાજનું ગૌરવ એવા આર્મી જવાનને વિવિધ સમાજો દ્વારા સન્માનિત કરવાની સાથે દેશભક્તિને બિરદાવાઈ હતી.

દેવપર જૈન મહાજનવતી મહાજનના ટ્રસ્ટી રામજી હીરજી મોતા, મહેશ્વરી સમાજના અગ્રણી કેશવજીભાઈ રોશિયા, દિનેશ ડોરૂ, ઉમિયા નગર પાટીદાર સમાજ, ક્ષત્રિય સમાજના અગ્રણી હરિસંગ જાડેજા સહિતના વિવિધ સમાજો દ્વારા ગામના ગૌરવને સન્માનિત કરી વધાવ્યું હતું. બહોળી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.

# આશાપુરા ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ



ભુજ : આશાપુરા ફાઉન્ડેશન દ્વારા આશાપુરા વુમન્સ અકેડમીમાં પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્લાસ્ટિક હટાવો પર્યાવરણ બચાવો વિષય પર બાળકો સુંદર મજાની વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા. આ વિષયવસ્તુ હર્ષિ દિનેશ સુથારે તેના શબ્દોમાં રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ નગરપાલિકાના અધ્યક્ષા રશ્મિબેન સોલંકીએ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. જાણીતા સમાજસેવિકા દિવ્યાબેન વૈધે સુંદર પ્રકૃતિ માટે પ્લાસ્ટિક બાધારૂપ છે, આપણે બધાએ સાથે મળીને પ્લાસ્ટિકરૂપી દૂષણને નાબૂદ કરવા આશાપુરા ફાઉન્ડેશન જેવી સંસ્થાને સાથ આપવો પડશે તેવું જણાવ્યું હતું. સંસ્થાના હસ્મિતાબેન ત્રિવેદીના માર્ગદર્શનથી સંગીતાબેન, નૈમિષાબેન, વંદનાબેને સાથે મળીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આવેલા મહેમાનોને હસ્તે ભાગ લેનાર તમામ બાળકોને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આશાપુરા ફાઉન્ડેશનના ટ્રસ્ટી દીનાબેન ચેતનભાઈ શાહે કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# અંજારની મેંગો માર્કેટમાં કચ્છી કેસરની ધૂમ ઘરાકી

**અંજાર એપીએમસીમાં દરરોજ ૫૦ થી ૬૦ હજાર બોકસની આવક : ફેકટરીના ખરીદદારો કચ્છી કેસરની ખરીદી માટે ઉમટ્યા**







અંજાર : દેશ - વિદેશમાં પ્રખ્યાત કચ્છની કેસર કેરીની સીઝન શરૂ થઈ છે. અંજાર એપીએમસીમાં પ્રાઈવેટ મેંગો માર્કેટમાં કચ્છી કેસરની ધૂમ આવક સાથે વેપારનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. અંજાર મેંગો માર્કેટમાં વેપાર કરતા જાડેજા સહદેવસિંહ બહાદુરસિંહે જણાવ્યું હતું કે, અંજારમાં હાલે દરરોજ ૫૦ થી ૬૦ હજાર બોકસ જેટલી આવક થઈ રહી છે. આ વર્ષે કચ્છી કેસર કેરીનો પાક અને ગુણવતા સારી હોવાથી ખેડૂતોને સારા દામ મળી રહ્યા છે. અંજારમાં હાલે ભારતભરમાંથી મેંગો જયુસના વ્યવસાયકારો અને ફેકટરીવાળાઓની સારી ઘરાકી જોવા મળી રહી છે. અંજારની મેંગો માર્કેટમાં પાકી કેરીના ભાવ રૂપિયા ૫૦ થી ૮૦ જયારે કાચી કેરીના ભાવ રૂા. ૬૦ થી ૧૩૦ સુધીના ચાલી રહ્યા છે. જથ્થાબંધ સાથે છુટક ઘરાકી પણ સારી હોવાનું તેમણે જણાવ્યું હતું.

# બાળ યોગ સમર કેમ્પનું સમાપન કરાયું





ભુજ : ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૧૫ દિવસીય સમર કેમ્પનું આયોજન ભુજ ખાતે મા આશાપુરા વિદ્યા સંકુલમાં કરવામાં આવેલ હતુ.જે ઝોન કોર્ડીનેટર વિજયભાઈ શેઠ, જિલ્લા કોર્ડીનેટર સંત રામ સાહેબ તેમજ સંચાલક તેજલબેન નીરવભાઈ ત્રિપાઠી, સહસંચાલક રશ્મિબેન વ્યાસ તેમજનીતાબેન ગઢવીના નેજા હેઠળ ખુબ સરસ રીતે ૧૦૦ થી ઉપર બાળકોની સંખ્યા સાથે સફળ રીતે ૧૫ દિવસીય સમર કેમ્પનું સમાન કરવામાં આવ્યું હતું. આ સમાપન કાર્યક્રમમાં બાળકો દ્વારા માતૃ પિતૃ પૂજન તેમજ બાળકોના અલગ અલગ યોગભ્યાસ તેમજ અલગ અલગ નિપુણતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તેમજ હાજર રહેલા મહેમાનોનું સન્માન તથા રાજકોટથી મીડિયા ઝોન કોર્ડીનેટર શૈલેષભાઈ ટાંક, બોર્ડની આખી ટીમ જેમાં કોચ તેમજ અન્ય ટ્રેનરો બધા હાજર રહ્યા હતા. આ પંદર દિવસીય સમર કેમ્પમાં દરરોજ બાળકોને અલગ અલગ હેલ્થી નાસ્તો કરવામાં આવતો હતો જેથી બાળકોને જંકફુડથી દુર રહી અને હેલ્થી ફુડ અપનાવવું જોઈએ એના માટેની પ્રેરણા પણ આપવામાં આવી તથા યોગ અને સંસ્કાર અને સામાજીક ફરજ એના વિષે પણ બાળકોને ઘણી બધી જાણકારી આપવામાં આવી હતી. અલગ અલગ મહેમાનો દ્વારા બાળકોને અલગ અલગ સુચનો આપવામાં આવ્યા તેમજ દાતાઓના સહયોગથી ગીફટ આપવામાં આવી હતી. સમાપન સમારોહમાં દીપ પ્રાગટય માટે આ વિસ્તારના નગર સેવક અશોકભાઈ પટેલ, જાગૃત નાગરીક ભૂપેન્દ્રભાઈ મહેતા, શિક્ષક અગ્રણી કિરીટસિંહ જાડેજા, જાયન્ટ્સ ઓફ ભુજના પ્રમુખ અશોકભાઈ માંડલીયા દ્વારા કરવામાં આવેલ હતું. સમગ્ર આયોજન અને વ્યવસ્થામાં જતીનભાઈ ઠક્કર, ભરતભાઈ સોની, ગોવિંદભાઈ ભાનુશાલી, મહેશભાઈ પોમલ, દીપાબેન ઠક્કર, દિપીકાબેન પંડ્યા, લતાબેન દાવડા, લતાબેન વોરા તેમજ રાજય યોગ બોર્ડના કોચ અને ટ્રેનરોનો સહયોગ મળેલ હતો. જેમાં કોચ વર્ષાબેન પટેલ, જશોદાબેન ગૌરી, રીનાબેન ગોર, નરેન્દ્રભાઈ વાઘેલા, દિસલભાઈ ડાભી, જાનકીબેન જોષી, ઉર્મિ યાદવ, હિનાબેન પરમાર વિ. સહયોગ મળેલ હતો. અંતમાં શાલીનીબેન જોશી દ્વારા બાળકો સમક્ષ યોગ અંગે પ્રેરક પ્રવચન આપેલ હતો. તથા બાળકો તમામને પ્રમાણપત્રો આપવામાં આવેલ હતો. આ પંદર દિવસ દરમ્યાન સર્વે ઉપયોગી થનાર પુષ્પદાનભાઈ ગઢવી તથા રાજેન્દ્રસિંહ જાડેજાનો આભાર માનવામાં આવેલ હતો.

# નલિયા ગામ અને ભાનુશાલી સમાજનું ગૌરવ



નલિયા : મૂળ કચ્છના નલિયા ગામના અને હાલે ગાંધીધામ રહેતા ઓમ અશ્વિનભાઈ ચાંદ્રાએ કોમન એડમિશન ટેસ્ટ (સીએટી)માં ૯૮.૦૭ ટકા માર્કસ મેળવી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ)માં માસ્ટર ઓફ બિઝનેશ એડમિનિસ્ટ્રેશન (એમબીએ)ના બે વર્ષના કોર્સમાં એડમિશન મેળવ્યું છે. તેઓ અશ્વિન જેઠાલાલ ચાંદ્રાના પુત્ર છે. તેમની ગૌરવશાળી સફળતાથી નલિયા ગામ અને ભાનુશાલી સમાજનું ગૌરવ વધ્યું છે. સ્નેહીજનો, શુભેચ્છકો અને મિત્રવર્તુળે તેમને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

# ખાવડા ગામે પારબ્રમનો મેળો ભરાયો



ભુજ : તાલુકાના ખાવાડા ગામે જેઠ સુદ ૯થી ૧૧ સુધી પારબ્રમનો મેળો ભરાયો હતો. પારબ્રમ મૂળ ધ્રગના છે, જેમના ગુરૂ મેકરણ દાદા છે. તેમની સમાધીનું સ્થળ પાકિસ્તાનમાં ડેપલો થરપારકરમાં આવેલ છે. તેમણે જીવતે સમાધી લીધી હતી. પાકિસ્તાન અને સંધી સમાજમાં તેમના અનેક અનુયાયીઓ છે. દર વર્ષે ખાવડા લોહાણા સમાજ જેઠ સુદ પાંચમના આરતી સાથે ધુપ, ધ્વજારોહણ બાદ પ્રસાદ લે છે. આ મેળાનું સંચાલન ગુંસાઈ જગદીશપુરી, સંદીપ ચંદે, ઉમેદલાલ વર્મા, વિપુલ તન્ના વગેરે સંભાળી રહ્યા છે.

# ઝુરા ભાનુશાલી સમાજ દ્વારા વિદ્યાર્થીઓને સરકારી નોકરી માટે માર્ગદર્શન અને સહાયની ખાતરી

ભુજ : ઝુરા ભાનુશાલી મહાજન અને ઝુરા ભાનુશાલી યુવા સર્કલ દ્વારા આયોજિત ૧૧મો સરસ્વતી સન્માન તેમજ સ્નેહમિલન કાર્યક્રમ ભવ્યતા અને ઉત્સાહ સાથે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મહાજન પ્રમુખ ભગવાનદાસ જેરામભાઈ વડોરની અધ્યક્ષસ્થાને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. પ્રાસંગિક સ્વાગત દિનેશભાઈ વડોર દ્વારા આપવામાં આવ્યું હતું.

સમાજના વિદ્યાર્થીઓને ઉદબોધન ભાનુશાલી મહાજન માધાપર પ્રમુખ નીતિનભાઈ ગજરા દ્વારા આપવામાં આવ્યું હતું. હરિલાલ મીઠિયા અને હરિલાલ વડોર દ્વારા સામાજિક વિકાસ માટે જણાવ્યું હતું. કચ્છી ભાનુશાલી દેશ મહાજનના મહામંત્રી અને ઝુરા ભાનુશાલી મહાજન કાર્યકર જયેશ ભાનુશાલીએ જણાવ્યું કે, ભાનુશાલી સમાજની વિશ્વ ફલક પર એક આગવી છાપ ઊભી થઈ છે અને ભવિષ્યમાં સમાજના વિદ્યાર્થીઓને સરકારી નોકરી મળવા માટે અને તેમના આર્થિક સહાય માટે સમાજ પૂર્ણ સહયોગ આપશે.સિયા વિનોદભાઈ વડોર દ્વારા શિક્ષણ સાથે સંસ્કાર પણ મહત્વપૂર્ણ હોવાનું કહ્યું હતું. યુવા સર્કલના પ્રમુખ નિલેશભાઈ દામા અને રાહુલ ગજરા દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. સાથે અન્ય છ યુવાનો દ્વારા સરકારી નોકરી કેવી રીતે મેળવવી તેની પર પ્રશ્નોતરી અને ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઝુરા ભાનુશાલી સમાજના આંગણવાડીથી લઈને કોલેજ સુધીના તમામ ધોરણના વિદ્યાર્થીઓને સન્માન કરાયા હતા. ધોરણ ૬થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલાઓને અને જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા અનુસાર ઈનામ આપવામાં આવ્યા હતા. સંચાલન વિનોદભાઈ વડોરે કર્યું હતું.

આ પ્રસંગે મહાજનના પ્રમુખ ભગવાનદાસ જેરામભાઈ વડોર, ઉપપ્રમુખ બાબુલાલ ફુલિયા, શિવજી ગજરા, નારણ ભદ્રા, ધારશી નંદા, માવજી દામા, શિવજીભાઈ વડોર, વેલજીભાઈ વડોર, પરસોતમ વડોર, સરપંચ તુષારભાઈ વડોર, યુવા ગ્રુપના ઉપપ્રમુખ સંજયભાઈ વડોર, ભુપેન્દ્ર કાંતિલાલ મીઠિયા, વિજયભાઈ વડોર, સુરેશભાઈ ગજરા તેમજ યુવા ગ્રુપના અન્ય સભ્યોએ સહયોગ આપ્યો હતો.

# અંબાજી ખાતે ગાયત્રી જયંતિની ઉજવણી કરાઈ

ભુજ : ગાયત્રી પઠન કેન્દ્ર દ્વારા તેમજ હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા અંબાજી ખાતે છ જૂનના સવારે ગાયત્રી જયંતિ દિવસે ગાયત્રી ચાલીસાનું પઠન તેમજ સમૂહમાં ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય રામ શર્મા આચાર્ય અને મા ભગવતી દેવીની વંદના કરવામાં આવી હતી. ગાયત્રી ઉપાસકો સ્વ. જાદવરાયભાઈ ધોળકિયા, સ્વ. વિદ્યાબેન માનસતા, સ્વ. નટવરલાલ અંતાણી, સ્વ. પ્રધ્યુમનભાઈ વોરા, સ્વ. મનુભાઈ વોરા, સ્વ. કૃષ્ણલાલભાઈ પટણી, સ્વ. મોહનજીભાઈ રાણા સહિત દ્વારા ગાયત્રી જયંતિના દિવસે વંદના કરાઈ હતી. ગાયત્રી જયંતિનું મહત્વ વિશે વત્સલાબેન શુક્લએ કહ્યું હતું. ધાર્મિકવિધિ તુષારભાઈ ધોળકિયાએ અને વિભાકરભાઈ અંતાણીએ કરી હતી. સંચાલન જયશ્રીબેન હાથીએ અને આભારવિધિ વારીસભાઈ પટણીએ કરી હતી. ગાયત્રી ચાલીસાનું પઠન હયાતીબેન વોરાએ કર્યું હતું.

## ખાણખનિજ વિભાગ – ફ્લાઈંગ સ્ક્વોર્ડ–પોલીસતંત્ર ધ્યાને ન લે

# માંડવીના ફરાદી-ટોડા-ભદ્રેશ્વર-વીરાણીયા-મોટા કપાયાના પટ્ટામાં કયા ઝબ્ભાલેંગાધારીની ખનીજચોર ટોળકીના ઠેકાઓ મંજુર..?

**ફરાદી પટ્ટામાંથી રોજની ૨૨ ગાડીઓ ખનીજચોરીની નીકળેતી હોવાની ચર્ચા, ૧ ગાડીનો હપ્તો બે લાખ, આંક કયાં જાય છે? ટ્રેકટર-ઉંટગાડીઓ ખનીજચોરીની પકડાય છે, મોટા મોટા મહાકાય ટ્રેલર અહી કેમ કોઈ અટકાવું જ નથી? ગાંધીછાપ નોટોના દર્શનથી કયા કયા ભ્રષ્ટ તત્વો આંખ મીંચીને બેઠા છે? : અરવિંદ-રણજિત નામના ખનીજચોરો કયા બની બેઠેલા રાજકીય અગ્રણીના ખીલ્લે કરી રહ્યા છે કુદાકુદ?**

**ટોડાની આજુબાજુના વિસ્તારોમાં ગીરના ટોળાથી વધુ ખનીજચોરોનો થયો છે જમાવડો, સુરેન્દ્ર-શકિતના ઈશારે ખનીજચોરીની છે ચર્ચા**

**વિરાણીયા પટ્ટાથી લઈ અને મોટા કપાયા વિસ્તારની આસપાસમાં શકિતની સફેદ ચાંદી(રેતી)ચોરીનું ધમધમે છે મોટું નેટવર્ક : સુખપર ટીંબો-નાની ખાખર સહિતના સીમાડાઓમાં અરવિંદ-હિતેન્દ્રની ધુમ ખનીજચોરીની બૂમરાડ**

ગાંધીધામ : સમરથ કો નહી દોષની ઉકિત જાણે કે સાચી ઠરી રહી હોય તેમ નાના સુના ખનીજધારકોની ભુલ પર તેમને તગડા દંડ ફટકારી દેવામા આવતા હોય છે પરંતુ આયોજનબદ્ધ રીતે જ મોટા પ્રમાણમાં નેટવર્ક જ બનાવી અને ખુલ્લેઆમ બીનધાસ્ત ખનીજચોરીને અંજામ આપવામાઆવતો રહે તો જે-તે એજન્સીઓને ચોકકસ બાતમી અને માહીતીઓની જરૂર પડી જતી હોયછે કાર્યવાહી કરવા માટે. કચ્છમાં પણ હાલમાં ખાસ કરીને માંડવી પટ્ટાના કેટલાક ગામોમાં ધુમ ખનીજચોરીને અંજામ અપાઈ રહ્યા હોવાની ચર્ચા સપાટી પર આવવા પામી રહી છે અને કહેવાય છે કે, રાજકીય ઓથ તળે અહી મોટા પ્રમાણમા દીવસ રાત ખનીજચોરીને અંજામ આપવામાવી અવી રહ્યો છે. સવાલ થવા પામી રહ્ય છે કે, આ કયો ઝભ્ભાલેંગાધારી છે કે જેની ખનીજચોર ગેંગને રીતસરના કાયદેસર ખનીજચોરી માટેના ઠેકા-ટેન્ડરો જ મંજુર કરવામા આવી ગયા હોય તેમ અહી ખનીજચોરીને અંજામ અપાઈ રહ્યો છે.

વાત સહેજ વિગતે કરીએ તો ફરાદી,ટોડા-ભદ્રેશ્વર, વીરાણીયા, મોટા કપાયા, ઉપરાંતનાપટ્ટાની આસપાસના વેરાન સીમાડાઓમાં કેટલાકફાટીને ફુલેકે ચડી ગયેલા ખનીજચોરો બેફામ ખનીજનું ગેરકાયદેસર ઉત્ખનન અને પરીવહન પણ કરી રહ્યા છે. ફરાદી પટ્ટામાં કહેવાય છે કે અહીના રોજ ૨૨થી વધુ જેટલા મહાકાય ટ્રેઈલરો ખનીજના નીકળી રહ્યા છે અને એક ગાડી દીઠ બે લાખનો હપ્તો બાંધવામા આવેલો છે વિચાર તો કરો ૨૨ ગાડીનો હપ્તો માસીક કયાં જઈને પહોચે?સરકારને કેટલી તગડી રોયલટી ચોરીનો આર્થીક ધુમ્બો પડવા પામી રહ્યો છે. જાણકારો અહી સવાલ કરી રહ્યા છે કે કયારેક અહીથી ટ્રેકટર અને ઉંટગાડીઓમાં ખનીજચોરી પકડાયા છે પરંતુ આ મહાકય ટ્રેઈલરો ખનીજથી છલોછલ ભરેલા દેખાતા નથી? તેના પાછળનુ રહસ્યુ શુ છે? કહેવાય છે કે મોટા ગજાના રાજકારણીની છત્રછાયા ધરાવતા અરવિંદ અને રણજીત અહી આ ખનીજચોરીને અંજામ આપી રહ્યા છે. તેની સાથોસથા ટેડા પટ્ટામાં વિસ્તારમાં સુરેન્દ્ર અને શકિત-અરવિંદને જાણે કે ખનીજચોરીનો ઠેકો મંજુર કરવામા આવ્યો હોય તેમ અહી તેઓ આડેધડ ખનીજ ગેરકાયદેસર રીતે ઉસેડી રહ્યા હોવાનુ ચર્ચાય છે. વિરાણીયા આજુબાજુથી માંડી અને મોટા કપાયા પટ્ટામાં સફેદ ચાંદી એટલે કે રેતીની ધુમ ગેરકાયદેસર હેરફેર રાજકીય ઓથ હેઠળ જ શકિત દ્વારા આચરવામા આવી રહી હોવાનુ મનાય છે. ઉપરાંત સુખપર ટીંબો અને નાખી ખાખર જેવા વિસ્તારોના સીમાડાઓનીઆજુબાજુમાં અરવિંદ અને હિતેન્દ્રને મંજુરી આપી દેવામા આવી હોવાનુ કહેવાઈ રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે, આટઆટલી રીતે બિનધાસ્ત ખનીજચોરીને અંજામ અપાઈ રહ્યો છે તો રેવેન્યુ તંત્ર, સ્થાનિક મહેસુલવિભાગના જવાબદારો તથા ખાણખનિજ અને પોલીસ વિભાગ તો તેનાથી અજાણ હોય તે વાત માની શકાય જ નહી? ખરેખર આ બાબતે ઉચ્ચ કક્ષાએથી તપાસ થાય અને સ્ટેટ ખનીજ વિભાગની ફલાઈંગ ટીમો ત્રાટકે તો એક મોટુ ખનીજચોરીનું રાજકીય રેકેટ બહાર આવી શકે છે તેવી વકી સેવવામા આવી રહી છે.

### ભદ્રેશ્વર પટ્ટામાં ડીઝલ ચોરીમાં કયો રાજકીય-જમાઈ છે ભાગીદાર? શું ચાલે છે બેનામી ધંધા? કેમ ન થાય તપાસ

ગાંધીધામ : માંડવી-મુંદરા પટ્ટામાં ખનીજચોરી બેફામ બનેલી હોવાની વાત સામે આવી રહી છે જેમાં મોટાભાગના કામોમાં રાજકીય-જમાઈને લીલાલહેરકરાવાઈ રહ્યા હોવાનું મનાય છે. ભદ્રેશ્વર આસપાસના પટ્ટામાં એક ફેકટરી આવેલી છે અને તેમાં જુનાટાયરોની સાથે કેમીકલને લઈને કોઈ કામદેખાડાઈ રહ્યુ છે પરંતુ હકીકતમાં તો ડિજલનો જ બેનામી ધંધો અહી પુરજોશમાં ચાલી રહ્યો હોવાનુ ચર્ચાય છે. અને કહેવાય છે કે, અહી પણરાજકીય-જમાઈને લીલાલહેર કરાવાઈ રહ્યા છે તો તપાસ થવી જોઈએ કે આ કયો રાજકીય જમાઈ છે જેને આવા બેનામી ધંધાઓમાં કાળી કમાણીમાં આળોટવાની સ્થિતી ઉભી કરવા દેવાઈ રહી છે?

### માંડવીના ભોજાય આસપાસમાં બોકસાઈટ ચોરીનું કોનું ટેન્ડર થયું છે પાસ?

**માંડવી-મુંદરામાં લાલમાટી પર તંત્ર લાલઆંખ કરે તો બની બેઠેલી ત્રિપુટીના સફેદ પોશ ચહેરા થઈ જાય બેનકાબ**

ગાંધીધામ : માંડવીમાં અલગ અલગ ખનીજચોરીઓ બેફામ થવા પામી રહી છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, માંડવીના ભોજાયપટ્ટાની આસપાસમાં બોકસાઈટ ચોરી માટે કોને છુટ આપવામા આવી છે? કોણઅહીથી ધુમ બોકસાઈડ ચોરીને અંજામ આપી રહ્યુ છે. જાણકારો કહી રહ્યા છે કે, ભોજાય સીમાડાથી માંડી કોટડી મહાદેવ પુરી આજુબાજુના પટ્ટા સુધીમાં બોકસાઈડની ગેરકાયદેસર હેરફેર કોણ કરી રહ્યું છે? તેની સાથોસાથ જ જો માંડવી-મુંદરા પટ્ટામાં લાલમાટી પર લાલઆંખ કરવમા આવે તો બની બેઠેલ સફેદપોશ ત્રિપુટીના ચહેરાઓ બેનકાબ થવા પામી શકે તેમ મનાય છે.

**ગ્રામ સ્વરાજ્યની ચૂંટણી જંગનો ગરમાવો ચરમસીમાએ**

## કચ્છમાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો ફાટયો રાફડો

**૧૬૬ ગ્રામ પંચાયતમાં સુકાની બનવા ઈચ્છુક મુરતિયાઓ સમર્થકો સાથે ફોર્મ ભરવા પહોંચ્યા : મોટા ગામના સુકાની પદ માટે કાંટાની ટક્કર થવાના એંધાણ : ૨૨મીએ મતદાન અને ૨૪મીએ પરિણામ થશે જાહેર**








ભુજ : કચ્છમાં ગ્રામ્ય સ્વરાજની ચૂંટણીનો ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી ૨૨મી જુનના કચ્છની ૧૬૬ ગ્રામ પંચાયતોમાં નવા સુકાનીઓની વરણી માટે મતદાન થશે. ઉપરાંત વિવિધ ગ્રામ પંચાયતોની ૨૪૧ બેઠકો માટે પેટા ચૂંટણીનું મતદાન થશે. તે પૂર્વે આજે ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે કચ્છ જિલ્લામાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય સુકાની બનવા માટે ઉમેદવારોનો રાફડો ફાટયો છે. જિલ્લાના વિવિધ તાલુકા મથકોએ પ્રાંત અને મામલતદાર કચેરીએ ઉમેદવારી પત્રક ભરવાના અંતિમ દિવસે સવારથી જ ઉમેદવારો અને સમર્થકોનો પ્રવાહ ઉમટ્યો હતો. ચૂંટણી જાહેર થયા બાદ ગ્રામ્ય ખાટલા બેઠકોમાં ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યોની પેનલ નક્કી કરવા બેઠકોના દોર ચાલ્યા હતા. ગ્રામ પંચાયતોને સમરસ કરાવવાના પણ પ્રયાસો થયા બાદ ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી પત્રક ભરવા માટે ઉમેદવારોનો ધસારો જોવા મળ્યો છે. આજે સાંજે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે. આ અંગેની વિગતો મુજબ કચ્છના ગ્રામીણ રાજકારણમાં ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. બે વર્ષથી વધુ સમયથી જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તેવી ગ્રામ પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણી માટે આજે ફોર્મ ભરવાની અંતિમ ઘડી હોઈ છેલ્લી ઘડીના દાવપેચ ખેલાઈ રહ્યા છે. કચ્છ જિલ્લામાં કુલ્લ ૧૬૬ ગ્રામ પંચાયતમાં સામાન્ય, મધ્યસત્ર, વિભાજન અને કેટેગરી - ૫ ની ચૂંટણી થશે. જયારે ૨૪૧ ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણી યોજાશે. કચ્છના દસેય તાલુકાઓ પૈકી સૌથી વધુ ભુજ તાલુકામાં ૩૫ ગ્રામ પંચાયતની ચૂંટણી થશે. કચ્છમાં ઔદ્યોગીક વિકાસ બાદ મહત્વના ગામોમાં ગ્રામ્ય સુકાનીનું કદ અને મહત્વ વધ્યું છે. પવનચક્કીઓ અને ઔદ્યોગીક એકમોની આસપાસ આવેલા ગામોમાં પંચાયતનું સુકાન સંભાળવા માટે અનેક દાવેદારો સામે આવી રહ્યા છે. મહત્વના ગામના સુકાની બનવા માટે **અનુસંધાન પાના નં.૫ પર**

## રતનાલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભારે રસાકસીના એંધાણ















અંજાર : તાલુકાની રતનાલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભારે રસાકસી થવાના એંધાણ મળી રહ્યા છે. આહીર સમાજની બહોળી વસ્તી ધરાવતા અને ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા આ ગામમાં ગ્રામ સ્વરાજ્યની ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો ધસારો જોવા મળી રહ્યો છે.

આ અંગે સુત્રોમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર રતનાલ ગામના સરપંચ પદ માટે ત્રિકમભાઈ વાસણભાઈ આહિર અને સરિયા ત્રિકમભાઈ વરચંદ આહિરની બે પેનલો ઉમેદવારી પત્રક દાખલ કરશે. આજે સાંજ સુધીમાં ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે. જો કે અત્યાર સુધીની સ્થિતિને જોતા રતનાલ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભારે રસાકસી થવાના એંધાણ મળી રહ્યા છે.

## કોડાયમાં ઝઘડાનું મનદુઃખ રાખી હુમલો કરી ૩.૩૫ લાખની લૂંટ ચલાવાઈ

માંડવી : તાલુકાના કોડાય પુલથી કોડાય ગામ જતા રસ્તે એનવી સ્ટૂડિયોના ફાર્મ હાઉસ પર નજીક જુના ઝઘડાનું મનદુઃખ રાખી હુમલો કરી ૩.૩૫ લાખની લૂંટ કરવામાં આવી હોવાનો મામલે સામે આવ્યો છે. આઠ તારીખે રાત્રે ૧થી દોઢ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. ફરિયાદી માંડવીમાં રહેતા જાસીન ઈકબાલ મદારીના જણાવ્યા પ્રમાણે આરોપીઓ ઋત્વીક ધનજી મહેશ્વરી અને ધીરજ દીપક જોષીએ અગાઉના ઝઘડાનું મનદુઃખ રાખી લોખંડના પાઈપ, હાથમાં પહેરવાના કડા અને પથ્થરા વડે યુવાનને માર મારી મુઢમારની ઈજાઓ પહોંચાડી હતી. ડરના મારે ફરિયાદી ભાગવા જતા આરોપીઓએ ફરિયાદીની ગાડીમાં રાખેલ ૧૦ હજારનો મોબાઈલ અને ૩,૨૪,૫૯૬ રૂપિયાની સોનાની ચેઈનની લૂંટ કરી હતી. જે અંગે કોડાય પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.


**શેઠ ડી.એન.ટ્રસ્ટ સંચાલિત વી.ડી.હાઈસ્કૂલ, ભુજ**

**એડમિશન ચાલુ છે**

**ધો. ૧૧-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)**

- કન્યાઓ માટે તદ્દન નિઃશુલ્ક શિક્ષણ
- છોકરાઓ માટે કોમ્પ્યુટર સિવાય તદ્દન નિઃશુલ્ક શિક્ષણ (ફકત જુજ એડમિશન બાકી, રૂબરૂ સંપર્ક કરો)

ભુજમાં ૨૦૦થી વધુ ડોકટરો તથા ૫૦ થી વધુ CA આપનાર સ્કૂલ

**ADMISSIONS OPEN**

A right place to nurture your child

Shree Ajramar charitable Trust managed

**!! Aarambh !!**

Pre Primary School (Eng./Guj.Med.) A Novel Initiative by BMCB SCHOOL

**BMCB PUBLIC SCHOOL**

An English Medium, Co-educational School

Std. 1 to Std. 12 (CBSE/GSEB)

100% Board Results in std. 10th & std. 12th Every Year

(City square Township, near Shekhpeer, Lakhond, Bhuj)

Mob No. 98793 79458

**VARDHMAN VIDHYALAY**

Nursery to Std. 8, English Medium (GSEB)

Sopan to Std 10, Gujarati Med.

(vardhman Nagar, Bhujodi, Bhuj)

Mob No. 94299 66343

Bus facility available

**GYAN SHAKTI RESIDENTIAL SCHOOL OF EXCELLENCE**

Std. 6 Gujarati Med. Std 9 English Medium Proposed (GSEB)

Hostel for Boys & Girls available from std. 6 to 12.

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા

**ભુજ અને ગાંધીધામમાં લીવરને લગતા રોગોની ઓપીડી**

LNM LIONS HOSPITAL | zydus Hospitals



સિનિયર લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન

**ડૉ. આનંદ ખખર**

MS, DNB, Fellow ASTS Liver Transplant & HPB Surgeon, Dr. B.C. Roy Awardee

**લીવર ને લગતા રોગોના લક્ષણો**

• લીવર સિરોસિસ • લીવર કેન્સર • લીવર ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપેલ હોય • દારુના સેવનથી બગડેલ લીવર • સતત રહેતો કમળો • લોહીની ઉલ્ટી થતી હોય • પેટમાં પાણી ભરાવું • પીત્તાશયમાં કેન્સર અને પથરીની સર્જરી • શરીરમાં લોહીનું પ્રમાણ ઘટતું હોય • હિપેટાઈસિસ-બી - સી (ઝેરી કમળો) • સ્વાદુપિંડના કેન્સર અને પથરીની સર્જરી • વિલસન રોગ (શરીરમાં કોપરનું ધોવાણ) • લીવર અને પેટને લગતી ગંભીર સર્જરી માટે

**11-06-2025 (બુધવાર)**

**ભુજ**

**સવારે 10:30 થી 01:00**

**LNM ગ્રુપ લાયન્સ હૉસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર,** રાવલવાડી રીલોકેશન સાઈટ, રઘુવંશી ચોકડી પાસે, **ભુજ**

**ગાંધીધામ**

**બપોરે 04:30 થી 07:30**

**મોરખીયા હાર્ટ એન્ડ ગેસ્ટ્રો-લીવર હૉસ્પિટલ,** પ્લોટ 9, વોર્ડ 10 એ, રવિન્દ્રનાથ ટાગોર રોડ, **ગાંધીધામ**

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક 78744 01212 / 63543 53089**

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

**ઝાયડસ હૉસ્પિટલ રોડ,** એસ.જી. હાઈવે, થલતેજ, **અમદાવાદ - 54.** 079 6619 0300

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.